૪૮૯
આશ્રમરોડ
અમદાવાદ

# ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક લિ.

: રજીસ્ટર્ડ ઓફિસ :

૪૮૯, આશ્રમ રોડ,નહેરૂ બ્રિજ સામે,નવરંગપુરા

અમદાવાદ-૩૮૦૦૦૯

ખેતી બેંક

## પેટા કાયદાઓ

૪૮૯
આશ્રમરોડ
અમદાવાદ

બેંકના રજિસ્ટર્ડ પેટા કાયદાઓ અંગ્રેજી ભાષામાં હોઇ તેમજ મૂળ અંગ્રેજી ઉપરથી આ અનુવાદ કરવામાં આવેલ હોઇ વિવાદના પ્રસંગે રજીસ્ટર્ડ પેટા કાયદાઓનું લખાણ જ પ્રમાણભુત ગણવાનું રહેશે.

૪૮૯
આશ્રમરોડ
અમદાવાદ

# ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક લિ. ના

# પેટા-કાયદા

૧. <u>નામ વ્યાપ્તિ અને રજીસ્ટર થયેલી કચેરી :</u>

બેન્કનું નામ ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક લિ. રહેશે. બેન્કની રજીસ્ટર થયેલી કચેરી અમદાવાદ ખાતે રહેશે. તેમ છતાં વહીવટી સરળતા અને કાર્યક્ષમતા અર્થે જરૂરી કામકાજ વિભાગીય કચેરીઓ મારફત કરવામાં આવશે અને આવી અન્ય વિભાગીય સદર મુકામો ખાતેની કચેરી અંગેનો નિર્ણય ડીરેક્ટરોનું બોર્ડ સહકારી મંડળીઓના રજીસ્ટ્રારની સાથે ચર્ચા-વિચારણા કરીને લઈ શકશે. રજીસ્ટર થયેલી કચેરીના ફેરફાર અંગેની લેખિત જાણ આવો ફેરફાર થયાના ત્રીસ દિવસની અંદર રજીસ્ટ્રારને કરવી પડશે. તેમજ સ્થાનિક દૈનિક વર્તમાન પત્રમાં પણ પ્રસિદ્ધ કરવાની રહેશે. બેન્કનો કાર્ય પ્રદેશ ગુજરાત રાજયના પ્રદેશ પુરતો રહેશે અને રજીસ્ટ્રારશ્રીની મંજુરીથી બોર્ડ નક્કી કરે તેવા અન્ય વિસ્તારો પુરતો રહેશે.

૨. <u>વ્યાખ્યાઓ:</u>

આ પેટા કાયદાઓમાં વિષય કે સંદર્ભથી કશું પ્રતિકુળ ન હોય તો:

(ક) “અધિનિયમ એટલે સને ૧૯૬૧નો ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ” એવો અર્થ થાય છે.

(ખ) “બેન્ક” એટલે ધી ગુજરાત સ્ટેટ-કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક લિમીટેડ એવો અર્થ થાય છે.

(ગ) “બોર્ડ” એટલે બેન્કના ડીરેક્ટરોનું બોર્ડ એવો અર્થ થાય છે.

(ઘ) કમિશ્નર એટલે સહકાર ખાતાનાં કમિશ્નર અથવા જે અધિકારીશ્રીઓને વખતો વખત કમિશ્નરશ્રીના અધિકારો સુપ્રત કરવામાં આવેલ હોય તે અધિકારીઓ.

(ચ) “સરકાર” એટલે રાજ્ય સરકાર એવો અર્થ થાય છે.

(છ) “સામાન્ય મંડળ”: જનરલ બોડી: એટલે પેટા-કાયદા નંબર-૮૪ અન્વયે રચાયેલ બેન્કનું સામાન્ય મંડળ એવો અર્થ થાય છે.

(જ) “નિયમો” એટલે અધિનિયમ અન્વયે ઘડાયેલા નિયમો એવો અર્થ થાય છે.

૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

(ઝ) "ટ્રસ્ટી" એટલે આ પેટા કાયદા હેઠળ બહાર પડેલ ડિબેન્ચરો ધરાવનારાઓ વતી "ટ્રસ્ટી" એવો અર્થ થાય છે.

(ટ) "વર્ષ" એટલે પહેલી એપ્રિલથી શરૂ થતું અને એકત્રીસમી માર્ચના રોજ પુરૂ થતું હિસાબી વર્ષ અને "ત્રીમાસ" એટલે વર્ષના પ્રથમ દિનથી શરૂ થતો એક પછી એક આવતો ત્રણ માસનો દરેક ગાળો એવો અર્થ છે.

(ઠ) "રજીસ્ટ્રાર" (નોંધણી અધિકારી) એટલે સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર અગર તો વખતો વખત જે અધિકારીઓને રજીસ્ટ્રારની સત્તાઓ અપાય તેવા અધિકારી એવો અર્થ થાય છે.

(ડ) "મુખ્ય કચેરી" એટલે બેન્કની રજીસ્ટર થયેલી મુખ્ય કચેરી એવો અર્થ થાય છે.

(ઢ) "શાખા" એટલે આ પેટા કાયદા હેઠળ રચવામાં આવેલ બેન્ક શાખા એવો અર્થ થાય છે.

(ણ) "શાખા-સમિતિ" એટલે આ પેટા-કાયદા હેઠળ રચાયેલ શાખા- સમિતિ એવો અર્થ થાય છે.

(ત) આ પેટા કાયદામાં જે શબ્દો અથવા વાક્ય પ્રયોગોની વ્યાખ્યા આપવામાં ન આવી હોય તેમના અધિનિયમ કે નિયમોમાં જે અર્થ આપવામાં આવ્યા હોય, તે અર્થ રહેશે.

૩. <u>બેન્કના ઉદ્દેશો નીચે પ્રમાણે રહેશે:</u>

(૧) અધિનિયમની કલમ ૧૧૬માં જણાવેલ હેતુઓ માટે લોન આપવી.

(૨) કોઈપણ વ્યક્તિ/વ્યક્તિઓ વખતોવખત અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ સ્થપાયેલ સંસ્થાને બોર્ડ વખતો-વખત નક્કી કરે તે જામીનગીરીના પ્રકાર તથા શરતો અને બોલીઓ પ્રમાણે લોન ધીરવા બોરીંગ કોન્ટ્રાક્ટરો તેમજ પંચાયતો તથા સહકારી સંસ્થાઓને બોર્ડ નક્કી કરે તે વ્યાજના દર અને શરતો અને બોલીઓને આધીન રહીને બેન્ક ધીરાણ કરી શકશે. પરંતુ આવા બોરીંગ કોન્ટ્રાક્ટરો બેન્કના સભાસદ હોવાનું જરૂરી ગણાશે.

(3) બેન્કના કાર્ય પ્રદેશમાં અમલમાં હોય તેવા જુદા-જુદા જમીન સુધારા અને ગણોત અધિનિયમોની જોગવાઇને અનુલક્ષીને ગણોતીયાઓને લોન આપવી.

(૪) સહકારી ખેત મંડળીઓને લોન આપવી.

(૫) મુખ્યત્વે જમીન સુધારણાની યોજનાઓમાં વેગ લાવવા માટે કામ કરતી મંડળીઓને નાણાંકીય મદદ કરવી.

(૬) જે માટે બેન્ક દ્વારા લોનની જોગવાઈ કરવામાં આવી હોય તેવા ખેતી અને પીતના હેતુઓ માટે ખેતીના યાંત્રિક સાધનો પુરા પાડવા વાસ્તે અને તે અંગે દુરસ્તી કળા (સર્વીસ) અર્થે બેન્કના સભ્યોમાંથી આવી મંડળી, સંસ્થા કે સંઘની રચના કરવી તથા નાણાં ધીરવા.

(૭) બેન્કના સભ્યોને પુરાં પાડેલાં ખેતીનાં સાધનો રવાના કરનારાઓને (કન્સાઈનરોને) બોર્ડ નક્કી કરે તે શરતો અને બોલીઓને આધીન રહીને વ્યાજના તેવા દરે નાણાં ધીરવાનું પરંતુ આવા માલ રવાના કરનાર માટે તેઓ બેન્કના સભાસદ હોય તે જરૂરી રહેશે.

(૮) ભારત સરકારની, ગુજરાત સરકારની કે સને ૧૮૮૨ના ભારતીય ટ્રસ્ટ અધિનિયમની કલમ-૨૦ના ખંડો ક, ખ, ગ તથા ઘ માં જણાવેલ બીજી જામીનગીરીઓની ખરીદી અને વેચાણનું તથા આવી જામીનગીરીઓના વેચનાર તથા ખરીદનારના આડતીયા (એજન્ટ) તરીકે કામ કરવું.

(૯) કાયદાથી સ્થપાયેલ સ્વાયત્ત સંસ્થા અથવા અમલમાં હોય તેવા કોઈ પણ કાયદા હેઠળ સ્થપાયેલ સંસ્થાને બોર્ડ વખતોવખત નક્કી કરે તે શરતો અને બોલીઓને આધીન રહી લોન આપવા.

(૧૦) રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક તેમજ રાજ્ય તથા કેન્દ્ર સરકારની આવી વૈધાનિક સંસ્થાઓ કે જેના દ્વારા પુન: ધિરાણ મળે તેવા હેતુઓ માટે લોન આપવી.

(૧૧) ગુજરાત વિદ્યુત બોર્ડ વતી વિજળીના બીલોની રકમ વસુલ કરવી અને ગુજરાત વિદ્યુત બોર્ડ સાથે પરસ્પરના કરારથી નક્કી થતું મહેનતાણું સ્વીકારવું.

(૧૨) (૧) ખેડુત ખાતેદારોને સોનાના દાગીના ઉપર વેલ્યુએશનના ૮૫% સુધી ધિરાણ આપવા.

(૨) ખેતીની જમીન ઉપર રહેઠાણ બનાવવા / મકાન બનાવવા માટે એસ્ટીમેટના ૮૦% કે વધુમાં વધુ રૂ.૧૦ લાખનું ધિરાણ કરવા.

સહકારી કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંક ૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

૪. <u>બેન્કને નીચે મુજબની સત્તાઓ રહેશે :</u>

(ક) પોતાની અસ્ક્યામતો તેમજ ગીરો મુકેલી સ્થાવર મિલ્કતો અને હાઈપોથીકેશનવાળા ચાર્જમાં રાખેલ જંગમ મિલ્કતોની જામીનગીરી સામે સરકાર માન્ય કરે તે શરતો અને બોલીઓથી ડીબેન્ચરો બહાર પાડવા.

(ખ) ડીબેન્ચરો કાઢ્યા સિવાય બીજી રીતે નાણાં કરજે લેવા તથા થાપણો સ્વીકારવી.

(ગ) પોતાના કામકાજના યોગ્ય સંચાલન અર્થે તેને જરૂરી જણાય તેવી સ્થાવર મિલ્કતો ખરીદવી તથા તેવા મકાન બાંધવા.

(ઘ) પોતાના કામકાજના યોગ્ય સંચાલન માટે તેને યોગ્ય જણાય તેવા કર્મચારીઓની નિમણુંક કરવી.

(ચ) બેન્કના કાર્યપ્રદેશની અંદર યોગ્ય સ્થળોએ શાખાઓ ખોલવી તથા તેમની પુન:રચના કરવી.

(છ) આ પેટા કાયદાઓમાં જણાવેલા હેતુઓ માટે લોન આપવા અંગે જામીનગીરીનું પ્રમાણ અને પ્રકાર નક્કી કરવા.

(જ) ઉપરના ઉદ્દેશોને આનુષંગિક હોય કે તેમાં સહાયભુત હોય અને તે અર્થે જરૂરી હોય તેવું બીજું કાર્ય કરવું.

૫. <u>બેન્કના સભ્યપદ માટેની પાત્રતા નીચેની વ્યક્તિ / સંસ્થાઓની છે:</u>

(ક) સરકાર

(ખ) બેન્કના કાર્યપ્રદેશની અંદર આવેલ અને અધિનિયમ હેઠળ રજીસ્ટર થયેલી બધી મંડળીઓ.

(ગ) સૌરાષ્ટ્રના જમીન સુધારાને લગતા અધિનિયમ હેઠળ લોન લેવા માટે લાયકાત ધરાવનાર સઘળા ગણોતીયાઓ.

(ઘ) અન્ય કોઈપણ શખ્શો કે જે:-

(૧) પુખ્ત ઉંમરના હોય.

(૨) કાયદેસર કરાર કરી શકવા સમર્થ હોય.

૪૮૯
આશ્રમરોડ
અમદાવાદ

(૩) નૈતિક પતન નોંતરતા કોઈ પણ ગુન્હા માટે શિક્ષા પામેલ ન હોય અથવા શિક્ષા પામેલ હોય પરંતુ જેલમાંથી છુટા થયાને ચાર વરસનો સમય વીતી ગયો હોય.

(ચ) ખેતીની જમીન ધારણ કરનાર અને બેન્ક પાસેથી લોન લેનાર પેઢીઓ, કંપનીઓ, ટ્રસ્ટો અને ૧૮૬૦ના સોસાયટી રજીસ્ટ્રેશન ધારા નીચે નોંધાયેલ સોસાયટી પરંતુ તેઓને દાખલ કરવાનું અધિનિયમ અને નિયમોની જોગવાઈઓને આધીન રહેશે.

(છ) કોઈપણ કાયદાથી સ્થપાયેલ સ્વાયત સંસ્થા અથવા અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ સ્થપાયેલ સંસ્થા.

૫. (ખ) <u>બેન્કના નોમીનલ સભ્યપદ માટે નીચેના પાત્રતા ધરાવશે :</u>

લોન માટે સાથે મળીને અરજી કરનાર સહભાગીદારો કોપર્સનર્સ અરજદારના પુર્વજો તથા વંશજો તેના કુટુંબીજનો અને જેને સદરહુ મિલ્કતમાં કે તે ઉપર કોઈપણ જાતના હક્ક ઇલાખો કે હિત હોય તેવા દરેક શખ્સ અથવા બેન્કના કામકાજમાં બેન્ક સાથે કોઇપણ પ્રકારે લ્હેણ-દેણ કરનાર કોઈપણ શખ્સ કે જે :

(૧) પુખ્ત વયના હોય.

(૨) કાયદેસર રીતે કરાર કરી શકવા સમર્થ હોય અને

(૩) નૈતિક પતન નોતરતા કોઈપણ ગુન્હા માટે સજા પામેલ ન હોય, અથવા સજા પામેલ હોય પરંતુ જેલમાંથી છુટા થયાને ચાર વરસનો સમય વીતી ગયેલ હોય.

આવા પ્રત્યેક નોમીનલ સભ્ય નોમીનલ મેમ્બરશીપ ફી તરીકે રૂપીયા પાંચ ભરશે. આ અંગે શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે નહીં અને દાખલ ફી તથા સભ્ય ફી ભર્યા અંગે બેન્કની ચાલુ પહોંચ જે આપવામાં આવે છે, તે સભ્યપદ માટેનો પુરતો પુરાવો ગણાશે. આ રીતે વસુલ કરવામાં સઘળી ફી પરત આપવામાં આવશે નહીં. અને તે રીઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે. શાખાના દફ્તરે રાખવામાં આવેલ સભાસદોનાં પેટા રજીસ્ટરમાં (નોંધણી પત્રકમાં)

૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

જેઓનાં નામ દાખલ કરવામાં આવેલ હોય તેવા સભાસદોની કોઇપણ સભામાં આવા સભાસદોને મતાધિકાર રહેશે નહિં.

આ પેટા કાયદા હેઠળ જોગવાઇ કરી છે, તેવા મતદાર ચુંટણી અને નિમણુંક (નોમીનેશન) ના હેતુ માટે આવા સભાસદોને પાત્ર ગણવામાં આવશે નહીં.

૬. (ક) બેન્કના સભાસદ થવા ઈચ્છતા શખ્સે, બેન્કના બોર્ડે નિયત કરેલ ફોર્મમાં બેન્કને કે તેની નિયત કરવામાં આવે તેવી કચેરીએ અરજી રજુ કરવાની રહેશે.

(ખ) અધિનિયમ અન્વયે બેન્કના રજીસ્ટ્રેશન માટેની અરજીમાં જેઓએ સહી કરી હોય તેઓએ સભાસદ થવા માટે ઉપર દર્શાવ્યા પ્રમાણેની અરજી કરવાની રહેતી નથી.

(ગ) આવા પ્રત્યેક અરજદારે અરજી સાથે બધા વર્ગના શેરો માટે રૂ.૫/- ની નિયત દાખલ ફી અને જે વર્ગના શેર તે ખરીદવા માગતો હોય તે શેરની મુળકિંમતની પુરેપુરી રકમ ભરવાની રહેશે.

૭. (૧) બોર્ડ અગર તો શાખા-સમિતિ સભાસદ માટેની કોઇ અરજી નામંજુર કરી શકશે અથવા તો માંગણી કરતાં ઓછી સંખ્યામાં શેર ફાળવી શકશે.

(૨) પરંતુ બોર્ડ કે શાખા-સમિતિને અધિકારીઓ કે પેટાસમિતિની નિમણુંક કરવાની તથા તેમને કે તેને આ પેટા કાયદા હેઠળ બોર્ડ કે શાખા-સમિતિ જેનો અમલ કરી શકે છે તેવી સત્તાઓ સોંપવાની કાયદેસર સત્તા રહેશે.

(૩) જે અરજી નામંજુર થઈ હોય અથવા તો માગણી કરતાં ઓછા શેર ફાળવ્યા હોય તેવા કિસ્સામાં આવી અરજી સાથે ચુકવેલી રકમ અરજદારોને પરત કરવમાં આવશે.

૮. સભાસદની જવાબદારી તેણે શેર મુડી પેટે ભરેલ રકમ પુરતી મર્યાદિત રહેશે.

૯. આ અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને કોઈપણ સભાસદ પોતાના કે પોતાના કોઈ શેર અથવા તો તેમાં રહેલ હિત, બેન્કના સભાસદને અથવા તો સભ્યોને દાખલ કરવાની અને શેરો ફાળવવાની કાયદેસર સત્તા ધરાવતા અધિકારીઓએ જેની સભ્યપદ માટેની અરજીને માન્ય કરી હોય તેવી અન્ય કોઈપણ વ્યક્તિને તબદીલ કરી શકશે. પરંતુ બોર્ડ અથવા શાખા-સમિતિ અથવા બોર્ડ કે આ હેતુ શાખા-સમિતિઓ માટે ખાસ અધિકૃત કરેલ હોઈ બીજા અધિકારી કે અધિકારીઓ જેને માન્ય ન રાખતા હોય તેવા

૪૮૯
આશ્રમરોડ
અમદાવાદ

શખ્સની તરફેણમાં શેરોની તબદીલ રજીસ્ટર કરવાની ના પાડી શકે અને બેન્કને ચુકવવાનું કોઈ દેવું ચુકવવામાં ના આવ્યું હોય તો તેઓ અવશ્ય તેમ કરવાની ના પાડશે.

૧૦. બોર્ડની અથવા શાખા-સમિતિની મંજુરી અનુસાર શેર ટ્રાન્સફર રજીસ્ટરમાં જેને નામે શેરનો ફેરબદલો કરવાનો હોય તેનું નામ દાખલ ન થાય ત્યાં અને બોર્ડ આ બારામા ઠરાવે, તેવી ફી ચુકવવામાં ન આવે ત્યાં સુધી કોઇપણ શેરનો ફેરબદલો સંપૂર્ણ લેખાશે નહિ. સભ્ય મંડળી પોતાનો શેર કેવળ મંડળીના નામે જ તબદીલ કરી શકશે.

૧૧. દરેક સભાસદે ઓછામાં ઓછો એક શેર ધરાવવાનો રહેશે.

(ક) શેર માટેની અરજી સાથે માગણી કરેલ શેરોની રકમ ભરવાની રહેશે. દરેક સભાસદે રૂ.૫/- ની દાખલ ફી આપવાની રહેશે. આ દાખલ ફી પરત કરવામાં આવશે નહિ.

(ખ) બેંકમાંથી ધિરાણ લેનારે લીધેલ લોનની રકમના ઓછામાં ઓછા ૨.૫ % જેટલી રકમના શેર ધારણ કરવાના રહેશે.

૧૨. (૧) કોઈપણ સભાસદને શેર મળ્યાની અથવા શેર તબદીલ થયાની તારીખથી એક વરસની મુદત સુધી કોઈપણ શેર તે પાછા લઇ શકશે નહિં. આવી મુદત વીત્યેથી બોર્ડની સંમતિથી તે પોતાના શેર પાછા લઈ શકશે. પરંતુ આવા દરેક કિસ્સામાં નીચેની શરતોનું પાલન જરૂરી છે.

(ક) શેર પાછા લઇ લેવાની ઓછામાં ઓછા એક માસની લેખિત નોટીસ સભાસદે આપવાની રહેશે.

(ખ) બોર્ડ શેર પાછા લેવાની જે મંજુરી આપે તે મુડીની કુલ કિંમત બેન્કના પાછલા સહકારી વર્ષના છેલ્લા દિને કુલ ભરાયેલ શેર મુડીના દશ ટકાથી કોઈપણ સંજોગોમાં વધવી જોઈએ નહિ.

(ગ) સભાસદ પાસે બેન્કનું અથવા તો સભાસદ જેનો જામીન હોય તેવા સભ્ય પાસે બેન્કનું કઈ લેણું બાકી હોવું જોઈએ નહિ. પરંતુ જો ઉપરોક્ત સમય મર્યાદા અને ધોરણ અનુસાર શેરની આવી રકમ પરત કરવાને પાત્ર હશે તો સભાસદ તરીકે ચાલુ રહેવા માટે જરૂરી શેર રાખીને બાકીની ધારણ કરેલ શેરની રકમ લોનના છેલ્લા લ્હેણાં હપ્તા સામે જમા આપી શકશે. પરંતુ વળી ઉપરોક્ત પેટા ખંડ (ગ)

માં દર્શાવેલ જામીનને બેન્કના સભાસદ તરીકે ચાલુ રહેવા માટે જરૂરી શેર સિવાયના શેરની રકમ પાછી લઈ લેવાની છુટ રહેશે.

૧૨.(૨) કોઇપણ મંડળીને કોઈપણ સંજોગોમાં તેઓના કોઈ શેરની રકમ પાછી લઈ લેવાની છુટ મળશે નહીં.

૧૩. પેટા-કાયદા ૧૫માં ગમે તે મજકુર હોય તે છતાં કોઈપણ વ્યક્તિના અવસાનથી અથવા તો મંડળીના વિઘટનના કારણે અથવા તો પેટા-કાયદા ૧૨ પ્રમાણે પોતાના બધા જ શેરની રકમ પાછી ખેંચવાના કારણે તેવી વ્યક્તિ કે મંડળી બેન્કના સભાસદ તરીકે ન રહે તેવા સંજોગોમાં આવી મંડળીને અથવા તો વ્યક્તિને અથવા આવી વ્યક્તિના મૃત્યુના કિસ્સામાં તે વ્યક્તિએ નિમેલ બીજી વ્યક્તિને કે તે વ્યક્તિના કાયદેસરના વારસને બેન્ક તેણે ધારણ કરેલ શેરની કિંમત અથવા તો આવા શેર ઉપરનું જાહેર થયેલ ડીવીડન્ડ "લાભાંશ" વ્યાજબી સમયમાં ચૂકવી આપશે. આ રકમમાંથી બેન્કનું તે શખ્સ કે મંડળી પાસેથી જામીન અંગેનું અથવા તો મુદ્દલ પેટેનું કોઇ પ્રકારનું લેણું હશે તો તે તેમાંથી બેન્ક દ્વારા બાદ કરી લેવાશે.

૧૪. <u>સભાસદને દૂર કરવા અંગે :</u>

સામાન્ય મંડળ સભાસદોના રજીસ્ટરમાં નીચેનાને કમી કરી શકશે.

(ક) કોઈ સભાસદ કે જે બેંક સાથે જાણીબુઝીને છેતરપીંડી કરે અથવા તો જે વ્યક્તિ પેટા કાયદા-૫ માં દર્શાવેલ ગુન્હા માટે તકસીરવાન ઠરી હોય અથવા જે વ્યક્તિ નાદાર જાહેર થઇ હોય અથવા જે જાણીબુઝીને બેન્કના હિત વિરૂદ્ધ કાર્ય કરે તેવી દરેક વ્યક્તિને, પરંતુ કોઈપણ સભાસદને સભ્યપદેથી તેને શા માટે દુર ન કરવા તે અંગેનું કારણ દર્શાવવા પુરતી તક આપ્યા વગર કોઈપણ સભ્યને રજીસ્ટરમાંથી કમી કરી શકશે નહિ.

(ખ) બેન્કની સાથે છેતરપીંડી કરવા માટે કે બેન્કના હિતને નુકશાન થાય તેવું કોઈ પણ કાર્ય કરવા માટે જે સભાસદને સભાસદોના રજીસ્ટરમાંથી કમી કરવામાં આવે તેવા કિસ્સામાં આવા દુર કરવામાં આવતા સભાસદે ધારણ કરેલ શેર બેન્ક જપ્ત પણ કરી શકશે.

૧૫. <u>સભ્યપદનો અંત આવવો :</u>

કોઈપણ મંડળી અથવા તો વ્યક્તિને પેટા-કાયદા-૧૪ નીચે સભ્યપદેથી દુર કરવામાં આવે તો મંડળીનું વિસર્જન થાય અથવા તો વ્યક્તિ મૃત્યુ પામે અથવા તો તેવી મંડળી કે વ્યક્તિ પોતાના હસ્તકના બધા જ શેરો બીજાને તબદીલ કરે ત્યારે આવી મંડળી અથવા તો વ્યક્તિના સભ્યપદનો અંત આવશે.

૧૬. <u>નિયુક્તિ (નોમિનેશન) :</u>

(૧) કોઈપણ સભાસદ પોતાની સહીવાળા અને ઓછામાં ઓછા બે સાક્ષીઓએ શાખ કરી હોય તથા બેન્ક સમક્ષ રજુ કરેલ લખાણથી કોઈપણ વ્યક્તિને પોતાના મરણ બાદ પોતાના શેર અથવા શેરોમાંનું પોતાનું જે હિત હોય તે મળે તેવી રીતે નીમી શકશે. આ હેતુ માટે બેન્કના કોઈપણ કર્મચારીની નિમણુંક કરી શકશે નહિ સિવાય કે આવા સભાસદનો તે નજીકનો સગો હોય.

(૨) ઉપર પ્રમાણેની કોઈપણ નિયુક્તિ તેવી જ રીતે થયેલ બીજી નિયુક્તિથી રદ બાતલ કરી શકાશે કે બદલી શકાશે આ પ્રમાણે અસલ નિયુક્તિને રદ બાતલ કરતી કે તેમાં ફેરફાર કરતી નવી નિયુક્તિ બેન્ક સમક્ષ રજુ થાય તો તે તારીખથી તે અમલમાં આવેલ ગણાશે. આવી દરેક નિયુક્તિ માટે સભાસદે રૂ.૫/- ની ફી બેન્કને ભરવાની રહેશે.

૧૭. બેન્કનું બોર્ડ નિયત કરે તે પ્રમાણે બેન્કના સભાસદોના રજીસ્ટરમાંથી તેના સભાસદોના પેટા રજીસ્ટરો બેન્ક તૈયાર કરી શકશે. આવા પેટા રજીસ્ટરોનો ઉપયોગ બેન્કનું બોર્ડ વખતોવખત નક્કી કરે તે પ્રમાણે બેઠકો બોલાવવા, ચુંટણીઓ યોજવા કે અન્ય કોઈ હેતુઓ માટે થઇ શકશે.

(ક) જે વરસમાં ચૂંટણી યોજાવાની હોય તેના આગલા વર્ષની ૩૧મી માર્ચ કે તે પહેલા જે સભાસદો બેંકના સભાસદોના રજીસ્ટરે નોંધાયેલા હશે તેઓને નીચે પ્રમાણે હક્ક રહેશે.

(૧) શાખા સમિતિના સભ્ય અને બેંકની સામાન્ય સભાના પ્રતિનિધિઓની ચૂંટણીમાં મત આપવા.

(૨) શાખા સમિતિના સભ્ય અને બેંકની સામાન્ય સભાના પ્રતિનિધિ

(૩) ડીરેક્ટર ની ચૂંટણીમાં ઉભા રહેવાનો પરંતુ,

(અ) જો તે ખેતીની જમીન ધારણ કરતો હશે નહિં અને

(બ) જો તે રાજયની કોઈપણ સહકારી સંસ્થાના પગારદાર કર્મચારી હશે - તો ઉમેદવારી કરવા માટે ગેરલાયક ગણાશે.

(૪) જે વરસમાં ચૂંટણી યોજવાની હોય તે સમયમાં ફોર્મ ભરવાની તારીખ સુધીમાં શાખા સમિતિના સભ્ય માટે રૂ.૨,૫૦૦/-, પ્રતિનિધિ માટે રૂ.૫,૦૦૦/- અને ડીરેક્ટર માટે રૂ.૫,૦૦૦/- ના શેર ધારણ કરેલ હશે તેવા સભાસદો જ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકશે.

૧૮. બેન્કનું ભંડોળ નીચે મુજબ ઊભું કરી શકાશે:

(ક) શેરથી,

(ખ) ડીબેન્ચરોથી,

(ગ) સરકારી લોન અને થાપણોથી

(ઘ) સરકારશ્રીની બાંહેધરી નીચે સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા, અથવા તો અન્ય કોઈપણ બેન્ક અથવા નેશનલ બેન્ક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) તથા અન્ય સ્ટેચ્યુટરી બોડી-કોર્પોરેશન અથવા અન્ય કોઈ નાણાંકીય સંસ્થા પાસેથી નાણાં કરજે લઈને.

(ચ) બિન સરકારી થાપણોથી,

(છ) અન્ય રીતે કરજ મેળવીને,

(જ) ફી થી અને,

(ઝ) દાનથી,

પરંતુ કુલ રકમ કે ઉપરોક્ત પેટા ખંડો (ખ), (ગ), (ઘ), (ચ) અને (છ) અન્વયે ઉભી કરેલ ભરપાઈ થયેલ શેર મુડી અનામત ભંડોળ તથા મકાન ભંડોળની કુલ રકમમાંથી બેન્કની એકત્રિત ખોટ હોય તો તેની રકમ બાદ કરતા જે રકમ રહે તેની વીસ ગણી રકમથી વધવી ન જોઈએ અને ભરપાઈ થયેલ કુલ શેર મુડી અથવા ભંડોળ તથા મકાન ભંડોળ કુલ રકમમાંથી બેન્કની એકત્રિત ખોટ હોય તો તેની રકમ બાદ કરતાં જે રકમ રહે તેની ચાર ગણી રકમથી ઉપરના ખંડો (ચ) અને (છ) અન્વયે ઉભી કરેલ રકમ વધવી ન જોઈએ. રજીસ્ટ્રારની મંજુરીથી ઉપરોક્ત મર્યાદાથી પણ વધુ રકમ ઉભી કરી શકાશે. પરંતુ વળી અધિનિયમની

કલમ-૧૧૯માં નિયત કરેલ મર્યાદાથી કોઈપણ સમયે ડીબેન્ચર ખાતે લેણી થતી અને બાકી નીકળતી કુલ રકમ વધવી ન જોઇએ.

૧૯. અધિકૃત મુડી :

બેન્કની અધિકૃત અને બહાર પાડેલ શેર મુડી રૂપિયા ૧૦૦ કરોડની રહેશે અને તે રૂપિયા ૧૦ ની કિંમતનો એક એવા ૧૦,00,00,000 શેરોની બનેલી રહેશે.

સરકાર અને બેન્ક વચ્ચે નક્કી થયેલ શરતો અને બોલીઓ મુજબ બેન્કની શેર મુડીમાં સરકારનો ફાળો સ્વીકારી શકાશે.

૨૦. ડીબેન્ચરો:

બેન્ક તરફથી બહાર પાડવામાં આવેલ ડીબેન્ચરો ધરાવનારાઓ પ્રત્યે બેન્કની જવાબદારીનું પાલન સુનિશ્ચિત કરવા માટે રજીસ્ટ્રાર અથવા જ્યાં સરકાર કોઈપણ અન્ય વ્યક્તિની આ માટે નિમણુંક કરે તો તેવી વ્યક્તિ ટ્રસ્ટી તરીકે રહેશે. જે મિલ્કતની સામે બેન્કે ડીબેન્ચરો બહાર પાડેલ હોય તે બધી મિલ્કત ટ્રસ્ટીમાં નિહિત થશે.

૨૧. ડીબેન્ચરો બહાર પાડવાની શરતો અને ડીબેન્ચરોની મુદત :

નિયમોને આધીન અને સરકાર તથા ટ્રસ્ટની પુર્વ મંજુરીથી બોર્ડ એક યા વિશેષ વર્ગ-મુલ્યના (ડીનોમીનેશન્સ) 30 વરસથી વિશેષ નહીં તેટલી મુદતના અને તેને યોગ્ય લાગે તે પ્રમાણેના વ્યાજના દરે ડીબેન્ચરો બહાર પાડી શકશે.

બેન્કની પોતાની અસ્ક્યામતો અને મિલ્કત સામે તથા બેન્કની તરફેણમાં થનાર ગીરો કે ગીરોની સામે અંશત: થઈ ચુકેલ ગીરોની સામે કે બેન્કને હાઈપોથીકેશનમાં કે ચાર્જમાં રાખેલ હાઈપોથીકેશન વાળી જંગમ મિલ્કતો સામે ડિબેન્ચરો બહાર પાડી શકાશે. પરંતુ નાબાર્ડે મંજુર કરેલ ખાસ યોજના નીચે થયેલ ધીરાણ માટે બહાર પાડવામાં આવેલ ડીબેન્ચરોના કિસ્સામાં નાબાર્ડ સાથે મસલત કરીને આવા ડિબેન્ચરો પગાર કરવાની શરતો, બોલીઓ, બોર્ડ નક્કી કરશે.

૨૨. નિયત તારીખ અગાઉ ડીબેન્ચરોનું વિમોચન :

બોર્ડ ડીબેન્ચરોના વિમોચનની નિયત તારીખ અગાઉ તેના નાણાં છુટા કરવાની સત્તા અનામત રાખી શકશે. આ પ્રમાણે ડીબેન્ચરોના નાણાં પગાર કરવા માટે ટ્રસ્ટની મંજુરી મેળવીને ડીબેન્ચર ધારણ કરનારને ઓછામાં ઓછી ત્રણ માસની લેખિત નોટીસ આપવામાં આવશે.

૨૩. બોર્ડે ડીબેન્ચરોના નાણાં પરત કરવાની નક્કી કરેલ તારીખ અગાઉ કોઈપણ ડીબેન્ચર ધારણ કરનાર ડીબેન્ચરોમાં રોકેલ નાણાંની ચુકવણી મેળવવા હક્કદાર થશે નહીં.

૨૪. ડીબેન્ચરો તેમજ ડીબેન્ચર સ્કીપ્સ અંગેના અન્ય દસ્વાવેજો પર બોર્ડના ઓછામાં ઓછા બે ડીરેકટરોએ સહી સિક્કા કરવા પડશે. ડીબેન્ચર સ્કિપ્સ તેમજ તે અંગેના અન્ય દસ્તાવેજો માટે બેન્કે ખાસ સીલનો ઉપયોગ કરવાનો રહે છે.

૨૫. ડીબેન્ચરો બહાર પાડતી વેળાએ બોર્ડ મુકરર કરે તે તારીખ કે તારીખોએ ડીબેન્ચર ઉપરનું લેણું થતું વ્યાજ આપવામાં આવશે. નિયત તારીખે આવી રકમ લેવામાં ન આવે તો વ્યાજ તરીકે ચુકવવા જોગ થતી આવી રકમ ઉપર વ્યાજ ચુકવવામાં આવશે નહિ.

૨૬. ડીબેન્ચરોના વિમોચનની નિયત મુદત વિત્યેથી અથવા તો પેટા કાયદા-૨૨માં જણાવેલ નોટીસને કારણે ડીબેન્ચરના નાણાં ચુકવવા જોગ થાય ત્યારે તે તારીખ સુધીના તે પરના વ્યાજ સહીત મુદ્દલ રકમ ડીબેન્ચર ધારણ કરનારને ચુકવવામાં આવશે. ડીબેન્ચરોના નાણાં ચુકવવા જોગ થાય તે પછી તેની ઉપર વ્યાજ ચડતું બંધ થશે.

૨૭. <u>ડીબેન્ચર વિમોચન ભંડોળ ખાતું:</u>

બેન્ક તરફથી વખતોવખત બહાર પાડવામાં આવતી ડીબેન્ચર લોન પાક્યાની તારીખે ડીબેન્ચરોનાં નાણાં પરત ચૂકવી શકાય તે માટે એક સામાન્ય ડીબેન્ચર વિમોચન ભંડોળ રહેશે. આ ભંડોળની રચના અને તેના વહીવટની કાર્યપદ્ધતિ ડીબેન્ચર ધારણ કરનારાઓ પ્રત્યેની બેન્કની જવાબદારી અદા કરવાનાં હેતુથી સરકારશ્રીએ નિયુક્ત કરેલ ટ્રસ્ટીની સલાહ મેળવીને બોર્ડ કરશે. ભંડોળના નાણાંનું યોગ્ય રોકાણ, ઉપાડ તથા ફરી રોકાણ ટ્રસ્ટીની મંજુરી મેળવીને નીચેના કોઈ પ્રકારે થઈ શકશે.

(ક) સરકારી બચત બેન્કમાં

(ખ) સને ૧૮૮૨ના ભારતીય “ટ્રસ્ટ અધિનિયમ"માં દર્શાવેલ જામીનગીરીમાં

(ગ) બેન્ક તરફથી બહાર પાડવામાં આવતી ડીબેન્ચરની લોનમાં

(ઘ) આ અંગે સરકાર બીજી જે કોઈ જામીનગીરી લખાણથી મંજુર રાખે તેમાં

(ચ) ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેન્ક લી. અમદાવાદની નિયત મુદતની થાપણોમાં

(છ) સહકારી મંડળીઓના નોંધણી અધિકારીએ બેન્કનું ભંડોળ રોકવા માટે માન્ય કરેલ કોઈપણ બેન્કમાં ડીબેન્ચર વિમોચન ભંડોળનો હિસાબ દર વર્ષે સરકારે નિયુક્ત કરેલ શખ્સ કે શખ્સોની હિસાબ તપાસણીને આધીન રહેશે.

૨૭. (ક) રદ

૨૮. <u>ડીરેકટરોનું બોર્ડ:</u>

બેન્કની વ્યવસ્થા નીચેના ડીરેક્ટરોના બોર્ડ હસ્તક રહેશે.

(૧) ગુજરાત રાજ્ય સહકારી બેન્ક પોતાના ડીરેક્ટરોના બોર્ડમાંથી કોઈપણ એકની આ બેન્કના ડીરેકટર તરીકે નિમણુંક કરશે. પરંતુ શરત એ છે કે આગલા વર્ષની ૩૧મી માર્ચના રોજ બેન્કની ભરપાઈ થયેલ શેર મૂડીના ૧/૨૦ ભાગના બેન્કના શેરો કે રૂ.૫,000-00 ની રકમના શેરો બેમાંથી જે રકમ ઓછી હોય તે રકમના શેરો ધરાવતી હોવી જોઈએ.

(૨) સરકારે નિમવાના ત્રણ ડીરેક્ટરો, જે પૈકી એક સહકાર ખાતાના કમિશ્નર અને સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર અથવા તેના પ્રતિનિધિ હશે.

(૩) ડાંગ જિલ્લા સિવાયના દરેક જિલ્લાવાર એક ડીરેક્ટરની ચૂંટણી જે તે જિલ્લામાં આવેલ બેન્કના શાખાઓના દફ્તરે રાખવામાં આવેલ પેટા રજીસ્ટરોમાં જે સભાસદોના નામ દાખલ થયેલ હશે તેમાંથી કરવામાં આવશે.
<u>ખુલાસો:</u> આ ખંડના હેતુ માટે અમદાવાદ તથા ગાંધીનગર જિલ્લાઓને એક જિલ્લો ગણવાનો રહેશે. વલસાડ અને ડાંગ જિલ્લાઓને એક જિલ્લો ગણવાનો રહેશે.

(૪) રદ થયેલ છે.

(૫) આ પેટા કાયદા હેઠળ નિમાયેલ હોય તો તેવા મેનેજીંગ ડીરેક્ટર, મેનેજીંગ ડીરેક્ટર બોર્ડના સભ્ય ગણાશે અને તેમની ગણતરી બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ૨૧ ની સંખ્યામાં થશે નહિ.

(૬) બોર્ડ ઓફ ડીરેક્ટર્સની વધુમાં વધુ સંખ્યા ૨૧ રહેશે.

(૭) વધુમાં વધુ બે પ્રોફેશનલ ડાયરેક્ટર્સની નિમણુંક કરી શકાશે. આવા પ્રોફેશનલ ડાયરેક્ટરનો કોઇપણ જાતનો મતાધિકાર રહેશે નહિ અને તેનો સમાવેશ બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ૨૧ ની સંખ્યા ઉપરાંતનો રહેશે.

(૮) બેંકના થાપણદારોમાંથી બેંકના ડીરેક્ટર્સના બોર્ડમાં સ્થાન પામે તે હેતુથી એક મતદાર મંડળ બનાવી એક ડીરેક્ટરની ચૂંટણી કરવાની રહેશે. આ અંગે જરૂરી નિયમો ઘડવા કાર્યવાહક મંડળને અધિકાર રહેશે.
(આ માટે પે.કા.ની કલમ-5 નો બાધ રહેશે નહિ.)

૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

૨૯. <u>પેટા કાયદા નંબર-૨૮ના પેટા ખંડ (૩) હેઠળની ડીરેક્ટરોની ચૂંટણી નીચે દર્શાવલ રીતે થશે:</u>

(ક) બેન્ક તથા સામાન્ય મંડળની બેઠકનાં નિયત દિવસથી પંદર દિવસ અગાઉ પેટા કાયદા નંબર-૮૩(ક) માં જોગવાઈ કર્યા પ્રમાણે દરેક જિલ્લાના સભાસદો દ્વારા ચૂંટાયેલ પ્રતિનિધિઓ બોર્ડ નક્કી કરે તે સ્થળે અને તારીખે મળીને પેટા કાયદા નંબર-૨૮(૩) માં દર્શાવેલ જે તે જિલ્લાના પ્રતિનિધિ તરીકે જિલ્લા દીઠ એક એક ડીરેક્ટરની ચૂંટણી કરશે.

(ખ) જે વ્યક્તિનું નામ જે જીલ્લામાંથી ચૂંટાવા ઇચ્છતો હોય તે જીલ્લાની કોઈપણ શાખામાંથી પેટા-નિયમ-૮૩(ક) મુજબ જીલ્લા પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલ નહી હોય તો તેને ચૂંટણી માટે લાયક ગણવામાં આવશે નહીં.

(ગ) પેટા-ખંડ (ક) હેઠળની ડીરેક્ટરોની ચૂંટણી બોર્ડ નિયત કરે તે રીતે થશે.

(ઘ) નિયુક્ત થયેલ ડીરેક્ટરો નિયુક્ત કરનારી સત્તા નક્કી કરે તે પ્રમાણે તેટલા સમય માટે ડીરેક્ટરપદ ધારણ કરશે.

(ચ) બોર્ડના ચુંટાયેલા ડીરેક્ટરો ચૂંટણીની તારીખથી પાંચ વર્ષના સમય સુધી હોદ્દા ઉપર ચાલુ રહેશે.

બોર્ડના સભ્યોની ચૂંટણી પછી અથવા જ્યારે આવી ચૂંટણી યોજાય ત્યારે ચેરમેન અથવા વ્યવસ્થાપક સમિતિના અન્ય પદાધિકારીઓની ચૂંટણી યોજાવાની હોય ત્યારે પેટા નિયમ-74(સી) ની પેટા કલમ-2 દ્વારા પૂર્ણ કરવામાં આવે અને આ હેતુ માટે બોર્ડની કોઈપણ બેઠક કલેક્ટર અથવા તેના દ્વારા નિયુક્ત કોઈ અધિકારીની અધ્યક્ષતામાં મળશે.

<u>ખુલાસો:</u> ચુંટણી સત્તા અધિકારી અને કલેક્ટરશ્રી અમદાવાદ અથવા ચુંટણીના કામ અંગે તેમના તરફથી નિમવામાં આવેલ અધિકારી દ્વારા પરિણામ જાહેર થયા બાદ ત્રીસ દિવસની અંદર મળતી નવા બોર્ડની પ્રથમ બેઠકમાં પેટા કાયદા નં.33 પ્રમાણે અધ્યક્ષ (ચેરમેન)ની પસંદગી થાય તે તારીખથી નવું બોર્ડ યોગ્ય રીતે રચાયેલું ગણાશે.

(છ) બોર્ડના ચુંટાયેલા સભ્યોમાંથી પ્રાસંગિક ખાલી પડતી કોઈપણ જગ્યા માટે હોદ્દેદારોના હોદ્દાની મુદત વ્યવસ્થાપક સમિતિના હોદ્દાની બાકીની મુદત, તેની

૪૮૯
આશ્રમરોડ
અમદાવાદ

મુળ મુદતની અડધી કરતા ઓછી હોય તો વ્યવસ્થાપક સમિતિએ જે વર્ગ અથવા કક્ષાના સભ્યોના સંબંધમાં નામ નિયુક્તિથી ભરવી જોઈએ.

વ્યવસ્થાપક સમિતિના હોદ્દાની બાકીની મુદત તેની મૂળ મુદતની અડધી કરતા ઓછી હોય તો વ્યવસ્થાપક સમિતિએ પ્રાસંગિક જગા ખાલી પડેલ હોય તે તારીખથી સાઠ દિવસની અંદર આવી ખાલી જગા ભરવી જોઈએ. જો તેમ કરવામાં ચૂક થાય તો રાજ્ય સરકારને જે વર્ગ અથવા કક્ષાના સભ્યોના સંબંધમાં પ્રાસંગિક જગા ખાલી પડેલી હોય તે જ વર્ગ અથવા કક્ષાના સભ્યોમાંથી આવી પ્રાસંગીક ખાલી પડેલ જગા ભરવાની સત્તા રહેશે.

30. <u>ડીરેક્ટરોનું પ્રથમ બોર્ડ</u> (રદ થયેલ છે.)

૩૧. <u>ડીરેક્ટરની ગેરલાયકાતો:</u>

નીચે દર્શાવેલ કોઈપણ સભાસદ બોર્ડમાં ચુંટાવા માટે અથવા તો તેમાં નિમણુંક માટે લાયક ગણાશે નહિ.

(ક) નાદાર થતી કે નાદાર જાહેર થયેલ વ્યક્તિ અથવા,

(ખ) બોર્ડના મત પ્રમાણે જે વ્યક્તિ અશક્તિને કારણે અથવા અન્ય કોઈ કારણસર તેની ફરજ બજાવવા અસમર્થ બની હોય અથવા,

(ગ) નૈતિક પતન નોંતરતા ગુના માટે જે તકસીરવાર ઠરી હોય અને જેલમાંથી છૂટા થયાને ચાર વરસનો સમય વિતેલ ન હોય અથવા,

(ઘ) બેન્કનો કસૂરવાર હોય અથવા,

(ચ) ટ્રેક્ટર, ઓઈલ એન્જીન, ઈલેક્ટ્રીક મોટર, પંપીગ સેટ કે અન્ય કોઈપણ માલસામાન જે ખરીદવા બેન્ક ધિરાણ કરતી હોય તે પૂરા પાડવામાં અથવા તો તેના વ્યાપારમાં સીધું યા આડકતરું હિત ધરાવતા હોય અથવા,

(છ) બેન્કની પ્રથમ પરવાનગી મેળવ્યા વિના બેન્કનો જે મિલ્કત પર અગ્રહક્ક હોય કે ચાર્જ હોય અથવા બેન્કના ગીરોમાં હોય તે ખરીદ કરનાર શખ્સ.

<u>ખુલાસો :</u> આ પેટા કાયદાના હેતુ માટે ઓઇલ એન્જીન, ઇલે. મોટર, પંપીગ સેટ તથા ટ્રેક્ટર અને અન્ય કોઈપણ માલસામાન કે જેના માટે બેન્ક ધિરાણ કરતી હોય તે પુરા પાડવામાં અથવા તો તેના વ્યાપારમાં વ્યક્તિના કુટુંબના કોઈપણ સભ્યનું હિત રહેલ હોય તો તે તેમનું આડકતરું હિત ગણાશે.

“કુટુંબનો સભ્ય” એટલે કે પત્ની, પતિ, પિતા, માતા, દાદા, દાદી, ઓરમાન પિતા તથા માતા, પુત્ર, પુત્રી, ઓરમાન પુત્ર, ઓરમાન પુત્રી, પૌત્ર, પૌત્રી, ભાઈ, બહેન, ઓરમાન ભાઈ, ઓરમાન બહેન તથા ભાઈની પત્ની કે ઓરમાન ભાઈની પત્ની.

(જ) આ બેંકનો કોઈપણ વ્યક્તિગત સભ્ય કે જે રાજ્યની કોઈપણ સહકારી મંડળીનો મુદત વિતી બાકીદાર હોય તો તે આ બેંકના વ્યવસ્થાપક સમીતીની ચૂંટણીમાં ભાગ લઈ શકશે નહીં કે ચૂંટાયેલા હશે તો પણ આપોઆપ દૂર રાખેલા ગણાશે.

૩૨. <u>સરકારી અધિકારી સિવાયના બોર્ડના સભ્ય નીચેના કિસ્સામાં હોદ્દો ધરાવતા બંધ થશે:</u>

(ક) પેટા કાયદા નં.૩૧ નીચે જો તે ગેરલાયક ઠરે,

(ખ) બોર્ડની પરવાનગી સિવાય બોર્ડની સતત ચાર બેઠકોમાં ગેરહાજર રહે,

(ગ) આ પેટા કાયદા નીચે ચૂંટાયા બાદ અથવા જે મત વિસ્તારમાંથી તે ચુંટાયેલા હોય તે મત વિસ્તારમાંથી બેન્કના સભ્ય ન રહે,

(ઘ) આ પેટા કાયદા હેઠળ ચુંટાયા બાદ અથવા તો નિમણુંક થયા બાદ બેન્કના કસૂર કરનાર ઠરે,

(ચ) બોર્ડને રાજીનામાની લેખિત નોટીસ મોકલી આપે અને બોર્ડને રાજીનામું મંજુર કરે,

(છ) તેના ચુંટાયા બાદ સામાન્ય મંડળ તેને હોદ્દા ઉપરથી દૂર કરે પરંતુ આવા કિસ્સામાં આ અંગે ઠરાવ પેશ કરવાના સભાસદના ઈરાદાની નોટીસ સામાન્ય સભાની બેઠકની તારીખથી ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં મોકલવામાં આવેલ હોવી જોઈએ.

૩૩. બોર્ડ તેમનામાંથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ (ચેરમેન અને વાઇસ ચેરમેન) પસંદ કરશે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની પસંદગીમાં મેનેજીંગ ડીરેક્ટર ભાગ લેશે નહીં તેમજ મત આપશે નહીં બોર્ડ તેમજ બેન્કની દરેક સભાનું પ્રમુખપદ અધ્યક્ષ અને અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ સંભાળશે.

૩૪. બોર્ડની બેઠક દર ત્રિમાસે ઓછામાં ઓછી એક વખત અધ્યક્ષ દ્વારા બોલાવવામાં આવશે.

૩૫. બોર્ડ સમક્ષ રજુ થતા દરેક પ્રશ્નનો નિકાલ બહુમતીથી કરવામાં આવશે. અને બોર્ડના અધ્યક્ષ અને તેની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષને બીજો કે “નિર્ણાયક મત” રહેશે.

૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

(પ્રોવીઝો) પરંતુ પેટા કાયદાની કલમ-33 ની જોગવાઈ અન્વયે બોર્ડના સભ્યો તરફથી ચેરમેનની પસંદગી કરવામાં આવે ત્યારે નિર્ણયાત્મક મત આપવાનો રહેશે નહીં અને સભામાં હાજર રહેલ દરેક સભ્ય એકમત આપી શકશે. દરેક ઉમેદવારના સરખા મત થતા ચીઠ્ઠી નાંખીને (લોટથી) નિર્ણય કરવામાં આવશે.

૩૬. મુલત્વી રાખવામાં આવેલ બેઠક સિવાયની દરેક બેઠકમાં નવ ડીરેક્ટરોની હાજરી કાર્યસાધક સંખ્યા ગણાશે.

૩૬. (૧) બેંકની વાર્ષિક સાધારણ સભા, ખાસ સાધારણ સભા, વ્યવસ્થાપક મંડળના હોદ્દેદારોની ચૂંટણી સિવાયની બોર્ડ બેઠક,કાર્યવાહક મંડળની પેટા કમિટીઓની મીટીંગમાં ઓનલાઇન હાજરી આપી શકાશે અને આ પ્રકારે મળેલ ઓનલાઇન મીટીંગો કાયદેસર અને માન્ય ગણાશે.

બેંકની શાખા સમિતિઓ,જીલ્લા લોન કમિટીઓની મીટીંગો ઓનલાઇન બોલાવી શકાશે અને તે તમામ મીટીંગો માન્ય ગણાશે.

૩૭. બોર્ડ પાસે રજુ થયેલ કોઈપણ બાબતમાં કોઈ ડીરેક્ટરનું અંગત હિત સમાયેલ હોય તો તે બાબત પૂરતા જે તે ડીરેક્ટર ચર્ચામાં ભાગ લેશે નહીં કે પોતાનો મત આપી શકશે નહીં.

૩૮. <u>બોર્ડની ફરજો :</u>

બોર્ડની ફરજો નીચે મુજબ રહેશે.

(૧) અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલ નિયમો મુજબ અથવા તો રજીસ્ટ્રારે કરેલ સામાન્ય અથવા ખાસ હુકમથી ઠરાવ્યા પ્રમાણે હિસાબી અને નોંધણી પત્રકો રાખવાની વ્યવસ્થા કરવી.

(૨) વાર્ષિક અને ખાસ સામાન્ય સભાઓ યોજવાની વ્યવસ્થા કરવી. આવી સભાઓ અંગેની નોટીસ બહાર પાડવી તથા તેની કાર્યસૂચિ (એજન્ડા) મોકલવાની અને આવી સભાઓ સમક્ષ પેટા કાયદાથી ફરમાવ્યા મુજબ સામાન્ય સભામાં બેન્કે કરવાની બધી બાબતો રજુ કરવી.

(3) બેન્ક પાસે તેના સભ્યોએ ગીરો મુકેલી સ્થાવર મિલ્કતોનું નિરીક્ષણ કરવાની વ્યવસ્થા કરવી.

૩૯. (ક) <u>બોર્ડની સત્તાઓ:</u>

બોર્ડની નીચે મુજબ સત્તાઓ રહેશે.

(ક) આ પેટા કાયદાઓની જોગવાઇઓને આધીન રહીને અને તદ્અનુસાર બેન્કના ઉદ્દેશો માટે વખતોવખત જરૂરી જણાય તેવા નાણાં ઉભા કરવાની કે નાણાં કરજે લેવાની.

(ખ) બેન્કના શેરોની ફાળવણી કરવાની પરંતુ બોર્ડ તેની આ સત્તા ઠરાવ દ્વારા કોઈ પેટા સમિતિને અથવા કોઈ એક ડીરેક્ટરને અથવા બેન્કના કોઈ અધિકારીને અથવા સરકારના અધિકારીને અથવા તો ખાસ સમિતિઓને અથવા તે શાખાના મેનેજરોને અથવા તો શાખા સમિતિઓને સોંપી શકશે.

(ગ) બેન્કના કાર્યક્ષમ વહીવટ માટે તેને ઉચિત જણાય તેમ અધિકારીઓની તેમજ અન્ય કર્મચારીઓની નિમણુંક કરવી, તેમને પગાર ચૂકવવા, તેમના પગારના ધોરણો તેમજ આવા અધિકારી અને કર્મચારીઓને ચુકવવાની થતી ફી તથા અન્ય ભથ્થા નક્કી કરવા તેને જરૂરી કે ઉચિત લાગે તેવા શિસ્તના પગલાં કોઈપણ કર્મચારી સામે લેવાની અને કર્મચારીઓના લાભાર્થે ભવિષ્ય વેતનનિધિ (પ્રોવીડંટ ફંડ)ની સ્થાપના કરવી અને તેમાં ફાળો આપવો અને જરૂરી નિયમો તથા વિનિયમો ઘડવાની.

(ઘ) બેન્કના મેનેજર તથા કર્મચારી વર્ગને કોઈ જામીનગીરી આપવાની હોય તો તેની રકમ તથા પ્રકાર નક્કી કરવો.

(ચ) બોર્ડને નક્કી કરવી ઉચિત તેવી શરતો અને મર્યાદાઓ મુજબ બેન્કના મેનેજરને બોર્ડને આપવામાં આવેલ કે તેના પર લાદવામાં આવેલી સત્તાઓ અને ફરજો પૈકી કોઈ સત્તા કે ફરજ સોંપવાની તથા તેનો અમલ અને બજવણી કરવા તેને અધિકૃત કરવાની.

(છ) ગીરો માટે રજૂ થતી દરેક મિલ્કતના કાયદેસર ઈલાખાની તપાસ માટે નિયમો ઘડવાની તથા તેની મૂળ કિંમત અને વખતોવખતની બજારમાં થતી કિંમતનો તથા તેની ઉપજ શક્તિનો અંદાજ કાઢવા માટે મુખ્ય સિદ્ધાંતો ઠરાવવાની તથા કરજે નાણાં લેવા ઇચ્છતા તથા લોન લેનાર વ્યક્તિ પાસેથી વસૂલ લેવાની ફી નક્કી કરવા અંગેની.

(જ) સભાસદો તરફથી આવેલ લોન અરજીના નિકાલ અંગેની જામીનગીરીની, ચૂકવણીનો સમય, વ્યાજનો દર તથા ચઢત રકમ ઉપર લેવાના શિક્ષાત્મક વ્યાજનો દર નક્કી કરવાની વગેરે અને લોન તેમજ લોનના સમય વધારા અંગેની અન્ય જરૂરી વિગતો નક્કી કરવાની.

(ઝ) અધિનિયમની કલમ-૭૧ થી અધિકૃત કરેલ કોઇપણ રોકાણ કે અનામતમાં બેન્કનાં નાણાનું રોકાણ કરવાને તેમજ બેન્કના લેણાંની ચૂકવણીમાં કસૂર થયેથી ગીરો મૂકનાર વ્યક્તિ સામે અથવા બીજી કોઈપણ વ્યક્તિ સામે જરૂરી જણાય તેવા પગલાં ભરવાની.

(ટ) ટ્રસ્ટી અથવા ટ્રસ્ટીઓની અનુમતિથી અને પેટા કાયદા નંબર-૨૨ને આધીન રહીને બેન્કના ડીબેન્ચરોના વિમોચનની મુદત પહેલા પગાર કરવા અંગેની અને વખતોવખત આવા પગાર કરવાના ડીબેન્ચરોની રકમ નક્કી કરવાની.

(ઠ) શાખાઓની કચેરીઓના યોગ્ય કામકાજ માટે શાખા સમિતિઓને જરૂરી સત્તા સોંપવાની.

(ડ) કોઈપણ મકાન અથવા તો જમીન ખરીદવાની, વેચાતી લેવાની, પટે લેવાની કે બીજી રીતે તેનું સંપાદન કરવાની તેમજ સ્થાવર મિલ્કત ઉભી કરવાની, તેનું બાંધકામ કરવાની કે તેમાં ફેરફાર કરવાની.

(ઢ) બેન્કના કર્મચારીઓ કે ભૂતપૂર્વ કર્મચારીઓના કે તેવા કર્મચારીઓ કે ભૂતપૂર્વ કર્મચારીઓના કુટુંબીજનોના લાભાર્થે ભંડોળ ઉભું કરવા તેમજ આવા ભંડોળને મદદ કરવાને કે તેવા ભંડોળની સ્થાપના કે મદદગારીમાં સહાયરૂપ થવાની તેમજ બોર્ડ નક્કી કરે તેવા હેતુઓ માટે અને શરતોથી બેન્કના કર્મચારીઓને અને બેંકના કર્મચારીઓની સહકારી મંડળીને એડવાન્સ કે લોન આપવાની.

(ણ) બેન્ક કે બેન્કના અધિકારીઓ તરફથી થતી અથવા તેમની સામેની કે બીજી રીતે બેન્કના કોઈપણ કામકાજને સ્પર્શતી કાયદેસર કાર્યવાહી શરૂ કરવા અંગેની તેનું સંચાલન કરવાની, તેમાં બચાવ કરવાની, માંડવાળ કરવાની અથવા તો તે પડતી મુકવાની તેમજ બેન્કને ચૂકવવાના કોઈ દેવાની અને બેન્કના કે બેન્ક સામેના કોઈ હક્ક દાવા કે માંગણાની માંડવાળ કરવાની કે તેની ચૂકવણી માટે કે તેને ચોખ્ખા કરવા માટે સમય આપવાની અને બેન્કના કે બેન્કના સામે કોઇપણ

૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

દાવા અથવા માંગણા અંગે લવાદ સ્વીકારવાની તેમજ નિવેડાનું પાલન તેમજ અમલ કરવા અંગેની.

(ત) બેન્કની કામગીરીનું યોગ્ય રીતે સંચાલન કરવા માટે તથા બેન્કના ઉદ્દેશો બર લાવવા માટે અને બેન્કનું હિત સુરક્ષિત રાખવા તથા તેની અભિવૃદ્ધિ કરવા માટે જે કોઈ કાર્યો અથવા તો બાબતો કરવી જરૂરી કે ઉચિત જણાય તે તમામ કરવાની તેમજ આ અંગે કરાર કરવા અને આવી સઘળી સત્તાનું તે અર્થે અમલ કરવાની.

(થ) બેન્ક, બોર્ડ, કારોબારી સમિતિ, શાખા સમિતિ કે અન્ય કોઈપણ સમિતિના કામકાજના સંચાલન માટે અધિનિયમ તથા નિયમો તથા આ પેટા કાયદાની સાથે સુસંગત હોય તેવા વિનિયમો ઘડવાની.

૩૯. (ખ) બોર્ડ તેના સભ્યોમાંથી પ્રાદેશિક સમિતિઓની રચના કરી શકશે. બોર્ડના સંપૂર્ણ નિયંત્રણ અને દેખરેખ નીચે આવી પ્રાદેશિક સમિતિઓ નીચે મુજબની સત્તાનો અમલ કરશે તથા ફરજો બજાવશે.

(૧) મુખ્ય કચેરીની સાથે ચર્ચા વિચારણા બાદ પોતાના પ્રદેશમાં કામ કરતી શાખાઓ ઉપર દેખરેખ રાખવાની તેમજ તેમના નિરિક્ષણની વ્યવસ્થા કરવી.

(૨) પોતાના પ્રદેશમાં કામ કરતી શાખા કચેરીઓમાંથી આવેલ લોન અરજીઓનો નિકાલ કરવો.

(૩) પોતાના પ્રદેશમાં કામ કરતી શાખા કચેરીઓના કામકાજ અંગે મંજુર થયેલ મર્યાદાની અંદર આકસ્મિક ખર્ચ કરવો.

(૪) પોતાના સભાસદોમાંથી કોઈ ખાસ કાર્ય માટે સમિતિ અથવા તો પેટા સમિતિઓ રચવી.

(૫) બેંકનું બોર્ડ વખતોવખત નક્કી કરે તે મુજબ પોતાને મળેલ સત્તાઓ સમિતિઓ અથવા પેટા સમિતિઓ અથવા પ્રાદેશિક સમિતિના અધ્યક્ષને સોંપવી.

(૬) બેંકનું બોર્ડ અન્ય જે કોઈ કર્તવ્ય તથા ફરજો સોંપે તે બજાવવી.

૩૯. (ગ) બોર્ડને ઠરાવવી ઉચિત લાગે તે શરતો અને મર્યાદાઓને આધીન રહીને આ પેટા કાયદા નીચે તેને મળેલ સત્તાઓ પૈકીની કોઈપણ સત્તા બોર્ડ અધ્યક્ષને, કારોબારી સમિતિને પોતે રચેલ કોઈપણ અન્ય સમિતિ અથવા પેટા સમિતિને, મેનેજીંગ ડીરેક્ટર, મેનેજરને અને બેન્કના અન્ય કોઈ અધિકારીને સોંપી શકશે.

૪૦. (ક) નીચે દર્શાવેલ બાબતો અંગે રાખવાના ચોપડામાં કાર્યનોંધ (મીનીટ) રાખવા માટેની વ્યવસ્થા બોર્ડ કરશે.

(૧) બોર્ડની દરેક બેઠક ખાતે હાજર રહેલ સભ્યોના નામ.

(૨) સામાન્ય સભાની કાર્યવાહીઓ.

(૩) બોર્ડની, કારોબારી સમિતિની તેમજ બોર્ડે રચેલ અન્ય દરેક સમિતિઓની બધી બેઠકોની કાર્યવાહી.

(ખ) સામાન્ય મંડળ, બોર્ડ, કારોબારી સમિતિ અને અન્ય સમિતિઓની બેઠકોની કાર્યનોંધ પર સહી કરવા અંગે નીચે પ્રમાણે જોગવાઇ રહેશે.

(૧) સામાન્ય મંડળ, કારોબારી સમિતિ અને અન્ય સમિતિઓની સભાઓ અંગેની કાર્યનોંધ પર જે તે સભાનું પ્રમુખસ્થાન લેતા સભ્ય પાછળથી સહી કરશે.

(૨) બોર્ડની બેઠકની કાર્યવાહી પર જે તે બોર્ડની તે પછીના બેઠકનું પ્રમુખસ્થાન સંભાળતા સભ્ય સહી કરશે.

૪૧. બોર્ડની રચના બાબતની કે તેના કોઈપણ સભ્યની નિમણુંક અંગેની કોઇપણ ક્ષતિને કારણે જ બોર્ડે શુદ્ધબુદ્ધિથી કરેલ કોઇપણ કાર્ય અમાન્ય થશે નહીં.

૪૨. <u>કારોબારી સમિતિ:</u>

<u>બેન્કની કારોબારી સમિતિ:</u>

બેન્કનો સમગ્ર વહીવટ વ્યવસ્થાપક મંડળના હસ્તક,તેના નિયંત્રણ અને સત્તા સોંપણીને આધીન રહીને ઓછામાં ઓછા નવ તથા વધુમાં વધુ બેંકનું વ્યવસ્થાપક મંડળ ઠરાવે તે સભ્યોની બનેલ કારોબારી સમિતિ હસ્તક રહેશે.

કાર્યવાહક મંડળની અન્ય પેટા કમિટીઓમાં પણ ઓછામાં ઓછા નવ સભ્યો અને વધુમાં વધુ બેંકનું વ્યવસ્થાપક મંડળ ઠરાવે તેટલા સભ્યોની રહેશે.

૪૮૯
આશ્રમરોડ
અમદાવાદ

૪૩. અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, સહકાર ખાતાના કમિશ્નર અને સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર, બોર્ડમાં નિયુક્ત થયેલ સરકારી અધિકારીઓ પૈકીના એક અધિકારી, જો નિમાયેલ હોય તો મેનેજીંગ ડીરેક્ટર, હોદ્દાની રૂઇએ કારોબારી સમિતિના સભ્ય રહેશે.

૪૪. બોર્ડ પોતાના સભ્યોમાંથી કારોબારી સમિતિના બાકીના સભ્યો પસંદ કરશે.

૪૫. કારોબારી સમિતિ માટે પસંદ કરાયેલ સભ્યોના હોદ્દાની મુદત એક વરસની અથવા તો વરસ પુરૂં થયા પછી બોર્ડની બેઠક મળે તે સમય સુધી બેમાંથી જે મુદત લાંબી હશે તે મુદત સુધી રહેશે. કારોબારી સમિતિના સભ્યોના હોદ્દાની મુદત માટેની વરસની ગણતરી માટે જે બેઠકમાં સભ્યોની પસંદગી થઈ હોય તે બેઠકની તારીખથી વરસ શરૂ થતું ગણાશે. કારોબારી સમિતિના પસંદ થયેલ સભ્યોમાં વચગાળાની ખાલી પડતી કોઈપણ જગ્યા બોર્ડ બાકી રહેતી મુદત પુરતી તેના સભ્યોમાંથી ભરશે.

૪૬. કારોબારી સમિતિનો કોઈપણ નિર્ણય જ્યાં સુધી હાજર રહેલ સભ્યોની બહુમતીથી તેને બહાલી ન આપે ત્યાં સુધી માન્ય બનશે નહિ. બેઠકના અધ્યક્ષને નિર્ણાયક મત રહેશે

૪૬. (ક) કારોબારી સમિતિના પાંચ સભ્યોની સંખ્યા કાર્યસાધક સંખ્યા (કોરમ) ગણાશે.

૪૭. કારોબારી સમિતિ પોતાની કોઈપણ સત્તા અધ્યક્ષ, ઉપાધ્યક્ષ કે બેન્કના કોઈપણ અધિકારીને સોંપી શકશે તેમજ પોતાને યોગ્ય લાગે તે સમયે તેવી સોંપેલી સત્તાઓ પાછી ખેંચી શકશે.

૪૮. (ક) સરકારની મંજુરીથી બોર્ડ પગારદાર મેનેજીંગ ડીરેક્ટરની ત્રણ વરસથી વધુ નહી તેવા સમય માટે અથવા તો જે નક્કી થાય તેટલા વધુ સમય માટે નિમણુંક કરી શકશે અને તેનું વેતન નક્કી કરી શકશે.

(ખ) મેનેજરની નિમણુંક કરી શકશે.

૪૯. <u>બેન્કના અધિકારીઓની સત્તાઓ:</u>

બોર્ડ વખતોવખત જે ઠરાવો કરે તેને આધિન રહીને બેન્કના જુદા-જુદા અધિકારીઓને નીચે દર્શાવેલ સત્તાઓ રહેશે.

(ક) અધ્યક્ષ અને અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષનું બેન્કના સમગ્ર વહીવટ ઉપર સામાન્ય નિયંત્રણ રહેશે.

(ખ) અધ્યક્ષના નિયંત્રણને આધિન રહીને મેનેજીંગ ડીરેક્ટર અથવા તો ચીફ જનરલ મેનેજર/જનરલ મેનેજર બેંકના કારોબાર વહીવટ માટે જવાબદાર લેખાશે.

બેંકના વતી તે દાવો માંડી શકશે કે તેની સામે દાવો માંડી શકાશે. બેંકે કરજે લીધેલ નાણાં અંગેના ખત સિવાયનાં બધા ખત ઉપર બોર્ડના ઠરાવથી તેમ અધિકૃત થયેલ મેનેજીંગ ડીરેક્ટર અથવા તો ચીફ જનરલ મેનેજર / જનરલ મેનેજર સહી-સિક્કા કરવાના રહેશે. જયારે બેંકે કરજે લીધેલા નાણા અંગેના ખત ઉપર બોર્ડના બે સભ્યોએ સહી-સિક્કા કરવાના રહેશે અને ચીફ જનરલ મેનેજર/ જનરલ મેનેજર તે ઉપર સામી સહી કરશે. રોકડમેળ ઉપર તેના ખરાપણા માટે તેણે સહી કરવાની રહેશે. બોર્ડે મંજુર કરેલ અંદાજપત્રની જોગવાઈને આધિન રહીને કોઇપણ બાબત માટે આકસ્મિક ખર્ચ કરવાની તેને સત્તા રહેશે. મેનેજીંગ ડીરેક્ટર અથવા તો ચીફ જનરલ મેનેજર / જનરલ મેનેજર અધ્યક્ષની અથવા તેની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષની સલાહ સુચન મુજબની બોર્ડની કારોબારી સમિતિની પેટા સમિતિઓની અને તેમજ અન્ય કોઈપણ સમિતિઓની બેઠકો યોજશે. તે બેંકની બોર્ડની કારોબારી સમિતિની પેટા સમિતિઓની અને અન્ય સમિતિઓની દરેક બેઠકમાં હાજરી આપશે અને આવી બેઠકની કાર્યવાહીની કાર્ય નોંધ તૈયાર કરશે. અને બીજી જે કાંઈ કામગીરી તેમને સુપ્રત કરવામાં આવે તે બજાવશે. ચીફ જનરલ મેનેજર/જનરલ મેનેજરની ગેરહાજરીમાં સભાના અધ્યક્ષ બેંકના અન્ય કર્મચારીને કાર્યનોંધ લેવાની સુચના આપી શકશે.

(ગ) ચીફ જનરલ મેનેજર/જનરલ મેનેજર અથવા અધિકૃત કરેલ બેંકના અન્ય કોઈ અધિકારીને અથવા કર્મચારીને બેંકના માટે અને બેંકની વતી ખાતાને લગતી કાર્યવાહી હાથ ધરવાની, તેને બેંકના નામે રહેતી અથવા બેંકે ધારણ કરેલ પ્રોમીસરી નોટ સરકારી અને અન્ય જામીનગીરીઓ ખરીદવાની, વહેંચવાની, ગીરો મુકવાની, તેમાં શેરો કરી આપવાની તથા તબદીલ કરવાની તથા અન્ય વટાવી શકાય તેવા દસ્તાવેજો (નેગોશીએબલ) ઉપર સહી કરવાની તથા શેરો કરવાની અને તેને વટાવવાની તથા ડીબેંચરો સિવાય (ડીબેંચરો ઉપર મેનેજર સામી સહી કરશે) બેંકના કામકાજને લગતી બધી જ પહોંચ અને બધા હિસાબ અને બધા દસ્તાવેજો ઉપર સહી કરવાની સત્તા રહેશે. પ્રત્યેક દિવસના અંતે રોકડ પુરાંતનો હવાલો આ માટે અધ્યક્ષે નિમેલ વ્યક્તિ સંભાળશે.

૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

(ધ) બેન્કની તમામ મિલ્કત મેનેજીંગ ડીરેક્ટર અથવા તો ચીફ જનરલ મેનેજર / જનરલ મેનેજરના કબજામાં રહેશે અને તે અથવા તો તેની ગેરહાજરીમાં અધ્યક્ષે અધિકૃત કરેલ અન્ય કોઈ કર્મચારી બોર્ડની સૂચના અનુસાર ચૂકવણીઓ કરશે.

(ચ) જેમાં બેન્કનું નાણાંકીય હિત સમાયેલું હોય કે જેમાં નિયુક્તિને કારણે બેંક પ્રતિનિધિત્વ ધરાવતી તેવા તમામ મંડળો અને સંસ્થાઓની બેઠકોમાં બોર્ડે અધિકૃત કરેલ કોઈપણ ડીરેક્ટર અથવા ચીફ જનરલ મેનેજર / જનરલ મેનેજર અથવા બેંકના તેવા અધિકારી હાજરી આપશે.

૫૦. <u>ડીરેક્ટરોને મહેનતાણું :</u>

મેનેજીંગ ડીરેક્ટર સિવાયના બોર્ડ, કારોબારી સમિતિ અને બીજી સમિતિ તથા પેટા-સમિતિના સભ્યોની સેવાઓ માટે કાંઇ મહેનતાણું ચુકવવામાં આવશે નહિ. બોર્ડ વખતોવખત નક્કી કરે તે મુજબ તેઓ મુસાફરી ભથ્થું, અન્ય ખર્ચ, સીટીંગ ફીઝ (બેઠકમાં હાજરી આપવાની ફી) તથા દૈનિક ભથ્થું મેળવવા હક્કદાર થશે.

૫૧. <u>શાખાની વ્યવસ્થા :</u>

બોર્ડ યોગ્ય સ્થળે શાખાઓ ખોલશે અને દરેક શાખાનો કાર્યપ્રદેશ બોર્ડ વખતોવખત નક્કી કર્યા પ્રમાણેનો રહેશે.

૫૨. બોર્ડના નિયંત્રણ, દેખરેખ તથા માર્ગદર્શનને આધીન રહીને શાખાનો વહિવટ શાખા સમિતિઓ હસ્તક રહેશે.

૫૩. પેટા કાયદા નં.૮૩(ક) તથા ૮૩(ખ) હેઠળ ચુંટાયેલા અથવા નિયુક્ત થયેલા બેંકના સામાન્ય મંડળનાં પ્રતિનિધિ આપોઆપ શાખા સમિતિનાં સભ્ય ગણાશે. આવા પ્રતિનિધિ સભ્ય સહિત શાખા સમિતિમાં કુલ સભ્યોની સંખ્યા નીચે દર્શાવેલ ધોરણ પ્રમાણે ૪, ૬ અને ૮ ની બનેલી રહેશે.

શાખાએ રાખવામાં આવતાં સભાસદ પેટા રજીસ્ટરમાં જેમનાં નામ નોંધાયા હશે તેવા સભ્યોની સંખ્યા નીચે દર્શાવેલ પ્રમાણને અનુલક્ષીને શાખા સમિતિ પરની બેઠકોની સંખ્યા નક્કી કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| (૧) | ૨૫૦૦ સુધી | ૪ |
| (૨) | ૨૫૦૧ થી ૫૦૦૦ સુધી | ૬ |

૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

(૩) ૫૦૦૧ અને તેથી ઉપર ૮

૫૩ (ક) રદ થયેલ છે.

૫૩ (ખ) પેટા કાયદા નંબર ૫૩ તથા (ક) માં જણાવ્યા મુજબની જગ્યાઓ માટે બેઠકો ફાળવ્યા બાદ બાકી રહેતી જગ્યાઓ શાખાએ રાખવામાં આવતા જે તે શાખાના સભાસદ પેટા રજીસ્ટરમાં જેમનાં નામ નોંધાયા હોય તેવા સભાસદોમાંથી ચૂંટણી કરીને પુરવામાં આવશે.

શાખા સમિતિની રચનામાં કે તેના કોઈપણ સભ્યની નિમણુંક અથવા ચૂંટણીમાં ખામી રહી જવાના કારણે જ અથવા શાખા સમિતિમાં કોઈ ખાલી જગ્યા રહેવાને કારણે શાખા સમિતિએ શુદ્ધબુદ્ધિથી કરેલ કોઈપણ કાર્યને અમાન્ય ઠરાવી શકાશે નહિ.

શાખા સમિતિની મુદત પુરી થાય ત્યાં સુધી અને ઉપર જણાવ્યા પ્રમાણે નવી શાખા સમિતિની રચના થાય ત્યાં સુધી હાલના પેટા કાયદા નીચેની વ્યવસ્થા ચાલુ રહેશે.

૫૪. નિયુક્ત સભ્ય બોર્ડને યોગ્ય લાગે તેટલા સમય સુધી હોદ્દા પર ચાલુ રહેશે

૫૫. ચૂંટાયેલ સભ્યો જે તે શાખા/કચેરીએ રાખવામાં આવેલ સભ્યોના પેટા રજીસ્ટરમાં દાખલ કરવામાં આવેલ સભાસદોની ચૂંટણીની તારીખથી પાંચ વર્ષના સમય સુધી હોદ્દા ઉપર ચાલુ રહેશે.

<u>ખુલાસો:</u> શાખા સમિતની રચના ત્યારે થયેલ ગણાશે જ્યારે પેટા કાયદા નં.૬૪-ક પ્રમાણે નવી સમિતિની પ્રથમ બેઠકમાં અધ્યક્ષની વરણી થશે. આવી પ્રથમ બેઠક શાખાની વાર્ષિક સામાન્ય સભા બાદ ૯૦ દિવસની અંદર ભરવાની રહેશે.

પરંતુ ઉપરોક્ત ખુલાસામાં જણાવ્યા પ્રમાણે આ રીતે નવી શાખા સમિતિની પ્રથમ બેઠક કોઈ કારણસર ભરી શકાય નહીં તો બોર્ડને ઠીક લગે તેટલા સમય સુધી શાખા સમિતિ તરીકે કામગીરી કરવા બોર્ડ એડહોક કમિટિ નિમિ શકશે.

૫૬. આ પેટા કાયદામાં ગમે તે મજકુર હોય તો પણ બોર્ડ કોઈપણ શાખાની પ્રથમ શાખા સમિતિની રચના તેને યોગ્ય લાગે તે સમયે નીચે મુજબ કરશે.

(૧) પેટા કાયદા ૫૩"ક" માં દર્શાવેલ પદની રૂઈએ થતા સભ્યોની જોગવાઈ રદ થયેલ છે.

(૨) બોર્ડે નિયુક્ત કરેલ ૮ થી વિશેષ નહિ તેટલા સભ્યો

આ પેટા કાયદા નીચે નિયુક્ત થયેલ સભ્યો પાંચ વરસ સુધી અથવા તો પેટા કાયદા-૫૩ નીચે શાખા સમિતિની રચના થાય તે તારીખ સુધી બેમાંથી જે મુદત વધારે હોય તે મુદત સુધી હોદ્દા ઉપર ચાલુ રહેશે.

પરંતુ શાખાની જયારે પુન:રચના થાય અને પરિણામે શાખાની પ્રથમ સમિતિ રચવાનો પ્રસંગ આવે તે વખતે વિખેરાઈ ગયેલ સમિતિના ચુંટાયેલ સભ્યોની નવી શાખાના લગત કાર્ય પ્રદેશના આધારે બોર્ડે નિયુક્તિ કરવાની રહેશે.

૫૭. બોર્ડ તેની વિવેકબુદ્ધિ મુજબ કોઇપણ વખતે કોઈપણ સભ્યોની નિયુક્તિ રદ કરી તેની કે તેમની જગ્યાએ પોતાની વિવેકબુદ્ધિ મુજબ બીજા સભ્યોની નિયુક્તિ કરી શકશે, કોઇપણ ખાલી જગ્યા પણ બોર્ડ ભરી દેશે.

૫૮. પેટા કાયદા નંબર-૫૬ નીચે રચાયેલ પ્રથમ શાખા સમિતિની મુદત (પાંચ વરસ) પુરી થયેથી પેટા કાયદા નંબર-૫૩ નીચે સભ્યોની ચૂંટણી થશે. આ મુદત (પાંચ વરસ) પુરી થતાં પહેલાં બોર્ડ આવી પ્રથમ સમિતિ કે સમિતિઓને તેની વિવેકબુદ્ધિ અનુસાર વિખેરી નાંખી શકશે અને પેટા કાયદા નંબર-૫૩ “ખ” નીચે ચૂંટણીની વ્યવસ્થા કરી શકશે.

૫૯. બોર્ડ નિયત કરે તે રીતે અને સૂચના આપે તે પ્રમાણે પેટા કાયદાની તથા નંબર-૮૩(ક) નંબર-૫૩(ખ) અન્વયે શાખા સમિતિના સભ્યો તથા પ્રતિનિધિઓની ચૂંટણી કરવામાં આવશે.

૬૦. શાખા સમિતિ ઉપર ચૂંટાયેલા સભ્યોની પ્રસંગોપાત ખાલી પડતી કોઈપણ જગ્યા હોદ્દાની બાકી રહેતી મુદત પુરતી નિયુક્તિથી બોર્ડ દ્વારા ભરવામાં આવશે.

૬૧. બેન્કના હિતને લક્ષમાં રાખીને બોર્ડ શાખા સમિતિના ઉપરથી કોઇપણ સભ્યને કે સભ્યોને તેની વિવેકબુદ્ધિ મુજબ કોઈપણ હોદ્દા ઉપરથી દુર કરી શકશે. અને તેની/તેમની ખાલી પડેલી જગ્યા ઉપર બોર્ડ વખતોવખત નક્કી કરે તેવી મુદત સુધી બીજા સભ્ય કે સભ્યોને નિયુક્ત કરી શકશે.

૬૧. (ક) નૈતિક અધ:પતન નોતરતા ગુન્હા માટે જેની સામે ફોજદારી રાહે કામ ચાલતું હોય અથવા કોઈપણ કાયદાની નીચેની કાર્યવાહી દરમ્યાન જેલમાં હોય તેવા શાખા સમિતિના કોઈપણ સભાસદો બોર્ડ સભ્યપદેથી દુર કરશે.

૪૮૯
આશ્રમરોડ
અમદાવાદ

૬૨. નીચે દર્શાવેલ ગેર-લાયકાતવાળી કોઈપણ વ્યક્તિ શાખા સમિતિના સભ્ય તરીકે ચુંટણી માટે ઉમેદવારી માટે પાત્ર થશે નહીં તેમજ આવી વ્યક્તિની શાખા સમિતિ ઉપર નિયુક્તિ પણ થઈ શકશે નહીં. આવાઈ સભ્યની ચુંટણી કે નિયુક્તિ થઈ હશે તો પણ નીચે દર્શાવેલ કિસ્સામાં રદ થયેલ ગણાશે.

(૧) નાદાર તરીકે જાહેર થયેલ હોય કે નાદારીમાંથી મુક્ત થઈ ન હોય તેવી વ્યક્તિ

(૨) અસ્થિર મગજની હોય અથવા જેનું સ્વાસ્થ્ય દિન-પ્રતિદિન હણાતું જતું હોય અથવા તો બહેરો મુંગો હોય તેવો શખ્સ.

(3) નૈતિક અધ:પતન નોતરતા કોઈ ગુના અંગે તકસીરવાર ઠરી હોય અને જેલમાંથી છુટા થયાને ચાર વરસનો સમય વિતેલ ન હોય.

(૪) જેણે બેન્કની કોઈપણ લોન કે લેણું ભરપાઈ કરવામાં કસુર કરી હોય.

(૫) ટ્રેક્ટર, ઓઈલ એન્જીન, ઈલે. મોટર, પમ્પીંગ સેટ કે અન્ય કોઈપણ માલ સામાન જે ખરીદવા બેન્ક લોન ધીરતી હોય તે પુરા પાડવામાં અથવા તો તેના વેપારમાં સીધું કે આડકતરું હિત ધરાવતા હોય.

ખુલાસો: આ પેટા કાયદાના હેતુ માટે ઓઇલ એન્જીન ઈલે. મોટર, પમ્પીંગ સેટ તથા ટ્રેક્ટર તથા અન્ય કોઈપણ માલસામાન ખરીદવા બેન્ક લોન ધીરતી હોય તે પુરા પાડવામાં અથવા તો તેના વ્યાપારમાં વ્યક્તિના કુટુંબના કોઈ સભ્યનું હિત રહેલ હોય તો તે તેમનું આડકતરું હિત ગણાશે.

કુટુંબના સભ્ય એટલે કે પત્ની, પતિ, પિતા, માતા, દાદા, દાદી, ઓરમાન પિતા તથા માતા, પુત્ર, પુત્રી, ઓરમાન પુત્ર, ઓરમાન પુત્રી, પૌત્ર, પૌત્રી, ભાઈ, બહેન, ઓરમાન ભાઈ, ઓરમાન બહેન તથા ભાઈની કે ઓરમાન ભાઈની પત્ની.

(૬) ગુજરાત કો.ઓ. સોસાયટીઝના નિયમ નં.૩૨માં દર્શાવેલ કોઈપણ ગેરલાયકાત ધરાવતા હોય.

પરંતુ ઉપરોક્ત કોઈ શરતોને કારણે કોઈ વ્યક્તિ સમિતિના સભ્ય તરીકે નિમાવા માટે લાયક છે કે કેમ અથવા તેના સભ્યપદનો અંત આવે છે કે કેમ તે વિશે શંકા ઉપસ્થિત થાય ત્યારે આ અંગે બોર્ડનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

(૭) બેન્કની પ્રથમ પરવાનગી મેળવ્યા વિના બેન્કનો જે મિલ્કત પર અગ્રહક્ક હોય કે ચાર્જ હોય અથવા બેન્કના ગીરોમાં હોય તે ખરીદ કરનાર શખ્સ.

૬૨. (ક) નાણાં ધીરનારનો ધંધો કરનાર કોઇપણ વ્યક્તિ શાખા સમિતિના સભ્યપદે ચુંટાવા અથવા નિયુક્ત થવાને પાત્ર ગણાશે નહીં અને જો ચુંટાયેલ કે નિયુક્ત થયેલ હશે તો તે શાખા સમિતિનું સભ્યપદ ધરાવતો બંધ થશે.

(ખ) આ બેંકનો કોઈપણ વ્યક્તિગત સભ્ય કે જે રાજ્યની કોઈપણ સહકારી મંડળીનો મુદત વિતી બાકીદાર હોય તો તે આ બેંકની વ્યવસ્થાપક સમીતીની ચૂંટણીમાં ભાગ લઈ શકશે નહીં કે ચૂંટાયેલા હશે તો પણ આપોઆપ દૂર થયેલા ગણાશે.

૬૩. નીચેના કિસ્સામાં શાખા સમિતિનો સભ્ય હોદ્દો ધરાવતો બંધ થશે :

(૧) જો તે રાજીનામું લખી મોકલે અને બોર્ડ તેનો સ્વીકાર કરે.

(૨) જે મતદાર વિભાગમાંથી તે ચુંટાયેલ હોય તેમાંથી તેની ચુંટણી બાદ બેન્કનું સભ્યપદ ધરાવતો બંધ પડે.

(3) શાખા સમિતિની સતત ત્રણ બેઠકોમાં વગર રજાએ ગેરહાજર રહેલ હોય પરંતુ આવા કિસ્સામાં બોર્ડ તેમને ફરી હોદ્દા ઉપર નીમી શકે છે.

૬૪. (ક) શાખા સમિતિ પોતાનામાંથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની પસંદગી કરશે.

પરંતુ પેટા કાયદા નંબર-૫૬ હેઠળ રચાયેલ શાખા સમિતિના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની નિમણુંક બોર્ડ કરશે. પરંતુ શાખાની પુન:રચનાના પરિણામે બોર્ડ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ શાખાની પ્રથમ સમિતિ પોતાનામાંથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની પસંદગી કરશે. શાખા સમિતિના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની પદની રૂએ સભ્યો સિવાયના સભ્યોમાંથી વરણી કરવાની રહેશે. આ ચુંટણીમાં પદની રૂએ થયેલા સભ્યોને મત આપવાનો અધીકાર રહેશે નહીં.

(ખ) બેન્કની શાખાએ રાખવામાં આવેલ પેટા રજીસ્ટરમાં જેમના નામ દાખલ કરવામાં આવેલ છે તેવા સભાસદોની સામાન્ય સભાઓમાં તથા શાખા સમિતિની સભાઓમાં અધ્યક્ષ અને તેની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ પ્રમુખ સ્થાન લેશે. આ બન્નેની ગેરહાજરીમાં આવી સભાઓનું પ્રમુખસ્થાન લેવા માટે જે તે બેઠકમાં હાજર શાખા સમિતિના સભ્યો પોતાના પૈકી એકની વરણી કરશે. પરંતુ પ્રમુખ, ઉપપ્રમુખ કે શાખા સમિતિના કોઈપણ સભ્ય બેઠકમાં હાજર થશે નહીં. તો

શ્રી ... કૃષિ અને ગ્રામ ...
૪૮૯
આશ્રમરોડ
અમદાવાદ

બેઠકમાં હાજર રહેલ સભાસદો પોતાનામાંથી એકની સભાના પ્રમુખ તરીકે વરણી કરશે.

૬૫. શાખા સમિતિની બેઠક જ્યારે જરૂર જણાય ત્યારે અને બોર્ડ વખતોવખત નક્કી કરે તે પ્રમાણે મળશે.

૬૬. શાખા સમિતિની બે બેઠકોની વચ્ચેના સમય દરમ્યાન કોઈ અગત્યના પ્રશ્ન ઉપસ્થિત થાય તો શાખાના મેનેજર અથવા આસીસ્ટન્ટ મેનેજર આ અંગેની નોંધ સભ્યોને ફેરવી નિર્ણય મેળવશે અને આવો નિર્ણય શાખા સમિતિની તે પછીની બેઠકમાં રજૂ કરવામાં આવશે.

૬૭. શાખા સમિતિની બેઠક માટે શાખા સમિતિના સભ્યોના ત્રીજા ભાગના સભ્યોની હાજરી કાર્યસાધક સંખ્યા (કોરમ) લેખાશે. પરંતુ હાજર રહેલ પૈકી એક સભ્ય હોદ્દાની રૂઈએ સભ્ય સિવાયનો ઈતર સભ્ય હોવો જોઈએ.

૬૮. શાખા સમિતિ સમક્ષ દરેક પ્રશ્નનો બહુમતીથી નિર્ણય થશે અને બન્ને તરફ એકસરખા મત હશે તેવા કિસ્સામાં બેઠકના પ્રમુખશ્રીને નિર્ણાયક મત રહેશે.

૬૯. શાખા સમિતિના કોઈપણ સભ્યનું જે પ્રશ્નમાં સીધું યા આડકતરી રીતે અંગત હિત સમાયેલ હશે તેવા પ્રશ્નોની ચર્ચા અને તે અંગે મતદાન વખતે સમિતિની બેઠકમાં તે હાજરી આપી શકશે નહીં કે આવા સભ્યને તે બાબતની નોંધ ફેરવવામાં આવશે નહીં.

૭૦. શાખા સમિતિના સભ્યોની સેવાઓ (અવૈતનિક) માનદ લેખાશે. બોર્ડ વખતોવખત નક્કી કરે તે પ્રમાણે મુસાફરી ભથ્થા તથા સીટીંગ ફી (બેઠકમાં હાજરી આપવા માટેની ફી) મેળવવા તેઓ હક્કદાર ગણાશે.

૭૧. શાખા સમિતિના અધ્યક્ષની સલાહ સૂચના અનુસાર શાખાના મેનેજર અથવા તો આસીસ્ટન્ટ મેનેજર શાખા સમિતિની બેઠક બોલાવશે. આ ઉપરાંત હેડ ઓફીસની વખતોવખત સુચના મળ્યા પ્રમાણે બેઠક બોલાવવાની રહેશે.

૭૨. શાખાના મેનેજર અથવા તો આસીસ્ટન્ટ મેનેજર શાખા સમિતિની દરેક બેઠકમાં હાજર રહેશે અને મુખ્ય કચેરીએ નિયત કરેલી રીતે બેઠકની કાર્યવાહીની નોંધ કરશે અને આવી નોંધ શાખા સમિતિની તે પછીની બેઠકના પ્રમુખશ્રી મંજુર કરશે.

૭૩. શાખા સમિતિના અધિનિયમના અર્થ મુજબ અને તેમાં વ્યાખ્યા કર્યા મુજબ અધિકારી લેખાશે.

રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લિ.
૪૮૯
આશ્રમરોડ
અમદાવાદ

૭૪. <u>શાખા સમિતિની સત્તાઓ:</u>

બોર્ડના નિયંત્રણ, દેખરેખ અને સૂચનાઓને આધિન રહીને, શાખા સમિતિની નીચે દર્શાવેલ ફરજો, કર્તવ્યો, અને સત્તાઓ રહેશે:

(ક) મુખ્ય કચેરીની સુચનાઓ અનુસાર નીચેની વ્યવસ્થા કરવી.

(૧) ઠરાવવામાં આવે તેવા હિસાબો, દફતરો, દસ્તાવેજો અને રજીસ્ટરો રાખવાની તથા તેવા નિયત પત્રકો (રીટર્ન્સ) મોકલવા.

(૨) બેન્કના સભાસદ થવા માટેની તેમજ બેન્કના શેરની ફાળવણી માટેની અરજીઓ સ્વીકારવી, તે પર વિચારણા કરવી તથા તેનો નિકાલ કરવો.

(૩) શાખાને મળેલી સભાસદોની લોન માટેની અરજીઓ સ્વીકારવી, તેમની ચકાસણી કરવી તથા પોતાની ભલામણ સાથે મુખ્ય કચેરીને મોકલી આપવી.

(૪) મંજૂર થયેલ લોનની ચૂકવણી કરવી.

(૫) લેણી થતી લોનની વસુલાત કરવી.

(૬) બેન્કની લેણી રકમની ભરપાઈમાં કસુર થઈ હોય તેવા કિસ્સાની તપાસ કરવી અને બેન્ક વતી આ અંગે જરૂરી પગલાં ભરવાં.

(૭) લોનનાં નાણાં મેળવવા તથા લોન માટે જરૂરી વધારાની જામીનગીરી માંગવી.

(૮) બેન્કની શાખાએ રાખવામાં આવેલ પેટા રજીસ્ટરમાં જેમના નામ દાખલ કરવામાં આવેલ હોય તે સભાસદોની બેઠક બોલાવવી.

(ખ) બોર્ડ તેને સોંપે તેવી અન્ય ફરજો તથા કર્તવ્યો બજાવવા અને સત્તાનો અમલ કરવો.

૭૫. શાખાના કામકાજના સંચાલન માટે જરૂરી હોય તેવા સહાયક નિયમો ઘડવાની શાખા સમિતિને સત્તા રહેશે. આવા નિયમોને બોર્ડની મંજુરી મળ્યા બાદ તે અમલી બનશે અને બોર્ડને આવા કોઈ નિયમ કે નિયમોમાં કોઈપણ સમયે વધારો, ઘટાડો, સુધારો તેમજ ફેરફાર કરવાની કે તેનો અમલ મોકુફ રાખવાની સત્તા રહેશે.

૭૬. <u>શાખાની સામાન્ય સભા:</u>

૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

બેન્કની વાર્ષિક સામાન્ય સભાના ઓછામાં ઓછા દોઢ માસ પહેલાં બેન્કની શાખાએ રાખવામાં આવેલ પેટા રજીસ્ટરમાં જેઓના નામ દાખલ કરવામાં આવેલ હોય તેવા સભાસદોની વાર્ષિક સામાન્ય સભા દર પાંચ વરસે બોલાવવામાં આવશે, વાર્ષિક સામાન્ય સભા માટે ૮ દિવસની નોટીસ આપવામાં આવશે.

પરંતુ જ્યારે આવા સભાસદોની સામાન્ય સભા એક વખત બોલાવવામાં આવી હોય પરંતુ મળી ન હોય અથવા તેમાં સભાનું કામકાજ યોગ્ય રીતે થયેલું ન જણાય ત્યારે સભાનું કામકાજ યોગ્ય રીતે કરવા તે સભાની આવી બેઠક પ્રથમ બેઠકની તારીખથી ૧૫ દિવસમાં ફરીથી બોલાવી શકાશે. પરંતુ તેમ છતાં કોઈપણ શાખાએ રાખવામાં આવતા સભાસદ પેટા રજીસ્ટરમાં જેમના નામ દાખલ કરવામાં આવ્યા હોય તેવા સભાસદોની સામાન્ય સભા ગમે તે કારણસર મળે નહીં અથવા આવી સામાન્ય સભા પેટા કાયદા નં.૮૩(ક) ની જોગવાઇ મુજબ કોઇ કારણસર પ્રતિનિધિઓની ચૂંટણી કરે નહી તો પણ પેટા કાયદા નં.૨૯(ક) હેઠળના ડીરેક્ટરની ચૂંટણી તથા બેન્કની જનરલ બોડીની સભા માન્ય ગણાશે.

૭૭. મુખ્ય કચેરીની સુચના મળ્યેથી ત્રણ દિવસની અંદર અને શાખાએ રાખવામાં આવેલ પેટા રજીસ્ટરમાં જેઓના નામ દાખલ કરવામાં આવેલ હોય તેવા સભાસદોના પાંચમાં ભાગની સભાસદોની લેખિત માગણી મળ્યેથી આઠ દિવસની અંદર ખાસ સામાન્ય સભા બોલાવવાની ગોઠવણ કરવામાં આવશે. આવી બેઠક માટે સભાસદોની જાણ વાસ્તે ૮ દિવસની નોટીસ જરૂરી થશે.

૭૮. <u>નોટીસની રીત:</u>

બધી સામાન્ય સભાઓ માટે કોઇ પણ સ્થાનિક દૈનિક વર્તમાનપત્રમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી તે નોટીસ પુરતી લેખાશે.

૭૯. આવી નોટીસમાં સભાની બેઠકના સ્થળ, તારીખ, સમય અને સભા સમક્ષ રજુ થનાર કામકાજનો નિર્દેશ કરાશે.

૮૦. શાખા સમિતિના સભ્યો અને શાખાએ રાખવામાં આવેલ પેટા રજીસ્ટરમાં જેઓનાં નામ દાખલ થયેલ હોય તેવો સભાસદો શાખાની સામાન્ય સભામાં હાજરી આપી શકશે. બેન્કના સભાસદ હોય અને જેનું નામ શાખાએ રાખવામાં આવેલ પેટા રજીસ્ટરમાં દાખલ થયેલ હોય તેવી દરેક સહકારી મંડળીએ શાખાની સામાન્ય સભામાં હાજરી

આપવા માટે તેના એક પ્રતિનિધિની વરણી કરવાની રહેશે. આવા પ્રતિનિધિની મુદત સદરહુ મંડળી બેન્કની સભાસદ હોય ત્યાં સુધી કે સદરહુ મંડળી દ્વારા અન્ય પ્રતિનિધિની વરણી થાય ત્યાં સુધીની રહેશે.

૮૧. કુલ સભાસદોની સંખ્યાના ૧/૧૦ ભાગના સભ્યોની સંખ્યા અથવા તો ૫૦ સભ્યોની સંખ્યા બેમાંથી જે ઓછી હશે તે સંખ્યા, સામાન્ય સભા માટેની કાર્યસાધક સંખ્યા ગણાશે. કાર્યસાધક સંખ્યાના અભાવે:

(૧) સભાસદોની લેખિત માંગણીથી યોજવામાં આવેલ સામાન્ય સભા બરખાસ્ત કરવામાં આવશે જ્યારે.

(૨) વાર્ષિક સામાન્ય સભા અથવા તો અન્ય ખાસ સભા એક કલાક પુરતી મુલત્વી રહેશે. મુલત્વી રહેલ સભા ત્યારબાદ કાર્યસાધક સંખ્યા હોય કે ન હોય તો પણ તેની કાર્યવાહી હાથ ધરશે.

૮૨. સામાન્ય સભામાં હાજર રહેલ દરેક સભાસદ અથવા તો પ્રતિનિધિને ફક્ત એક મત રહેશે. (મુખત્યારનામા) પ્રોક્સીથી મત આપી શકાશે નહીં. સામાન્ય સભાનો દરેક નિર્ણય હાજર રહેલ અને મતદાન કરતા સભાસદોની બહુમતીથી લેવામાં આવશે. બન્ને બાજુએ સરખા મત પડતા સભાના પ્રમુખને નિર્ણાયક મત રહેશે.

૮૩. બેન્કની શાખાએ રાખવામાં આવેલ પેટા રજીસ્ટરમાં જે સભાસદોનાં નામ દાખલ કરવામાં આવેલ હોય તેવા સભાસદોની સામાન્ય સભા નીચે દર્શાવેલ કામકાજ હાથ ધરી શકશે.

(૧) શાખા સમિતિનો અહેવાલ મેળવવો તથા સ્વીકારવો.

(૨) શાખાની પ્રગતિ માટેનાં સુચનો ઉપર વિચારણા કરવી.

(૩) મુખ્ય કચેરીએ કરેલ પૂછાણની વિચારણા કરવી.

(૪) શાખા સમિતિના સભ્યો તથા પેટા કાયદા નંબર-૮૩(ક)માં નિર્દેશ કરેલ પ્રતિનિધિઓની થયેલ ચૂંટણીનું પરિણામ જાહેર કરવા.

(૫) સભાના પ્રમુખશ્રીને યોગ્ય લાગે તેવી અન્ય બાબતો અંગેની કામગીરી હાથ ધરવી.

૮૩. (ક) પેટા કાયદા નં.૧૭(ક) અન્વયે મત આપવાનો અધિકાર હોય તેવા સભાસદો શાખાએ રાખવામાં આવેલ પેટા રજીસ્ટરમાં જેમનાં નામ દાખલ થયા હોય તેવા

સભાસદોની સામાન્ય સભા મળે તે પહેલાં શાખા સમિતિના સભ્યોની તથા નીચેના હેતુઓ માટે પ્રતિનિધિઓની ચુંટણી કરશે.

(૧) બેન્કની સામાન્ય સભામાં હાજરી આપવા માટે.

(૨) બેન્કનાં બોર્ડનાં ડીરેક્ટરોની ચુંટણીમાં ભાગ લેવા.

ચુંટવાના થતાં પ્રતિનિધિઓની કુલ સંખ્યા ૫૦૦ થી વધશે નહીં તેમજ આવા પ્રતિનિધિ ચુંટવા માટેનું ધોરણ બોર્ડ એવી રીતે નક્કી કરશે કે દરેક શાખા ઓછામાં ઓછા એક પ્રતિનિધિની ચુંટણી કરે અને તમામ શાખાઓએ ચુંટવાના થતા પ્રતિનિધિની સંખ્યા ૫૦૦ થી વધુ થવા પામે નહીં.

આ પેટા કાયદા હેઠળ ચુંટાયેલા પ્રતિનિધિઓ પાંચ વર્ષ સુધી હોદ્દા ઉપર રહેશે.

૮૩. (ખ) આ નીચે દર્શાવેલ કોઈપણ વ્યક્તિ પેટા કાયદા-૮૩ અથવા ૮૩(ક)માં નિર્દેશ કરેલ પ્રતિનિધિ તરીકે ચુંટાવા માટે અથવા તો નિયુક્ત થવા લાયક ગણાશે નહીં અને ચુંટાયેલ અથવા નિયુક્ત થયેલ હશે તો તેઓ પ્રતિનિધિ તરીકે આપોઆપ કમી થશે.

(ક) નાદાર તરીકે જાહેર થયેલ હોય કે નાદારીમાંથી મુક્ત થઈ ન હોય તેવી વ્યક્તિ.

(ખ) અસ્થિર મગજના હોય અથવા જેનું સ્વાસ્થ્ય દિન-પ્રતિદિન હણાતું જતું હોય અથવા તો બહેરો અથવા મૂંગો હોય તેવો શખ્સ.

(ગ) નૈતિક અધ:પતન નોતરતા કોઈપણ ગૂના અંગે તક્સીરવાન ઠરી હોય તેવી વ્યક્તિ અને જેલમાંથી છૂટા થયાને ચાર વરસનો સમય વિત્યો ન હોય તેવી વ્યક્તિ.

(ઘ) જે બેન્કની કોઇપણ લોન કે લેણું ભરપાઈ કરવામાં કસુરવાર હોય.

(ચ) પોતાના હોદ્દાનું રાજીનામું બેન્કને મોકલે અને બેન્ક તરફથી તે સ્વીકારાયું હોય.

(છ) જે મતદાર વિભાગમાંથી ચુંટાયેલ હોય તેમાંથી તેની ચુંટણી બાદ બેન્કનું સભ્યપદ ધરાવતો બંધ પડે.

(જ) બેન્કની પ્રથમ પરવાનગી મેળવ્યા વિના બેન્કનો જે મિલ્કત પર અગ્રહક્ક હોય કે ચાર્જ હોય અથવા બેન્કના ગીરોમાં હોય તે ખરીદ

કરનાર શખ્સ પ્રતિનિધિ તરીકે ચુંટાયેલા સભ્યોની પ્રસંગોપાત ખાલી પડતી કોઈપણ જગ્યા હોદ્દાની બાકી રહેતી મુદત પુરતી આવી જગ્યા માટે લાયકાત ધરાવતા સભ્યોમાંથી બોર્ડ દ્વારા નિયુક્તિથી ભરવામાં આવશે પરંતુ આવી ખાલી પડતી જગ્યા ભરવામાં ન આવી હોય તો બેન્કના સામાન્ય મંડળની સભા તથા ડીરેક્ટરોની ચુંટણીની કાર્યવાહી કાયદેસર ગણાશે.

(ઝ) આ બેંકનો કોઇપણ વ્યક્તિગત સભ્ય કે જે રાજ્યની કોઈપણ સહકારી મંડળીનો મુદતવિતી બાકીદાર હોય તો તે આ બેંકની વ્યવસ્થાપક સમીતીની ચૂંટણીમાં ભાગ લઈ શકશે નહીં કે ચૂંટાયેલા હશે તો પણ આપોઆપ દૂર થયેલા ગણાશે.

૮૩. (ગ) બેન્કના સામાન્ય મંડળની રચનામાં પ્રતિનિધિની જગ્યા ખાલી રહેવાથી કે તેની ચુંટણી અથવા નિયુક્તિમાં ખામી રહેવાના કારણે જ પ્રતિનિધિઓએ શુદ્ધબુદ્ધિથી કરેલ કોઈપણ કાર્યવાહીને ગેરકાયદેસર ઠરાવી શકાશે નહીં.

૮૪. <u>બેન્કનું સામાન્ય મંડળ (જનરલ બોડી)</u>

બેન્કના સામાન્ય મંડળમાં નીચેના સભ્યો રહેશે.

(૧) બોર્ડના ડીરેકટરો

(૨) પેટા કાયદા નંબર-૮૩(ક) અને ૮૩(ખ) અન્વયે ચુંટાયેલ પ્રતિનિધિઓ.

સામાન્ય મંડળના દરેક સભ્યને માત્ર એક મત રહેશે. (પ્રોક્સી) મુખત્યારનામાંથી મત આપી શકાશે નહીં.

(૩) બેંકની શાખા સમિતિના સભ્યો બેંકની વાર્ષિક સામાન્ય સભામાં ઉપસ્થિત રહી શકશે.તેઓ સામાન્ય સભાની ચર્ચામાં ભાગ લઇ શકશે નહિ અને તેમને સામાન્ય સભામાં મતાધિકાર રહેશે નહિં.

૮૫. (રદ થયેલ છે.)

૮૬. નિયમો અનુસાર તેના વાર્ષિક હિસાબો જે તારીખે બંધ કરવાનું નિયત ઠર્યું હોય તે તારીખથી છ માસની અંદર બેન્કે સામાન્ય મંડળના સભાસદોની વાર્ષિક સામાન્ય બેઠક યોજવાની રહેશે.

૮૭. <u>ખાસ સામાન્ય સભા ક્યારે અને કેવી રીતે બોલાવવી.</u>

બોર્ડના ઠરાવ મુજબ અથવા તો કોઈપણ સમયે બેન્કની ખાસ સામાન્ય સભા બોલાવી શકાશે તેમજ સામાન્ય મંડળના સભ્યોની સંખ્યાના ૧/૫ સભાસદોની લેખિત અને ખાસ સભા બોલાવવા માટેના ઉદેશ સ્પષ્ટ દર્શાવતી માંગણી મળ્યાની તારીખથી એક માસની અંદર અથવા તો રજીસ્ટ્રાર અથવા ટ્રસ્ટી કે ટ્રસ્ટીઓની સુચના મળ્યેથી પણ બેન્કની ખાસ સામાન્ય સભા બોલાવવાની રહેશે.

૮૮. સામાન્ય મંડળની બેઠક બોલાવવા માટે સામાન્ય મંડળના સભ્યોને ૧૫ દિવસની નોટીસ આપવી જોઈએ. નોટીસમાં સભાનું સ્થળ, તારીખ અને સમય તેમજ સભા સમક્ષ રજુ થનારા કામકાજના મુદ્દાઓ દર્શાવવા પડશે. કાર્યસૂચિમાં જેનો સમાવેશ ન હોય તેવા કોઈ પણ વિષયની ચર્ચા સભામાં થઈ શકશે નહિ. પરંતુ હાજર સભ્યોમાંથી ૨/૩ ભાગના સભ્યો આવી કોઈ ચર્ચાની તરફેણમાં હશે તો સદરહું ચર્ચા હાથ ધરવામાં આવશે. કોઈ પણ સભાસદને સભ્યપદેથી દુર કરવાનો પ્રશ્ન જો સભા બોલાવવાની નોટીસમાં સ્પષ્ટપણે દર્શાવલ નહીં હોય તો હાથ ધરી શકાશે નહીં.

<u>નોટીસની રીત:</u>

આ પેટા કાયદા અર્થેની નોટીસ ઓછામાં ઓછા એક સ્થાનિક દૈનિક વર્તમાનપત્રમાં છપાવ્યેથી તેમજ બેન્કની મુખ્ય કચેરીએ તથા તેની દરેક શાખાએ તે પ્રદર્શિત કર્યેથી પુરતી લેખાશે.

૮૮ (૧) ખાસ સાધારણ સભાની બેઠક બોલાવવા માટે સામાન્ય મંડળના સભ્યોને ૭ દિવસની નોટીસ આપવી જોઈએ. નોટીસમાં સભાનું સ્થળ, તારીખ અને સમય તેમજ સભા સમક્ષ રજુ થનારા કામકાજના મુદ્દાઓ દર્શાવવા પડશે. કાર્યસૂચિમાં જેનો સમાવેશ ન હોય તેવા કોઈ પણ વિષયની ચર્ચા સભામાં થઈ શકશે નહિ. પરંતુ હાજર સભ્યોમાંથી ૨/૩ ભાગના સભ્યો આવી કોઈ ચર્ચાની તરફેણમાં હશે તો સદરહું ચર્ચા હાથ ધરવામાં આવશે.

<u>નોટીસની રીત:</u>

બેંકની ખાસ સાધારણ સભાની બેઠક બોલાવવાનો નોટીસ પીરીયડ ૭ દિવસનો રહેશે. જેની જાણ વધુ ફેલાવો ધરાવતા દૈનિકપત્રના માધ્યમથી કરવામાં આવશે.

૮૯. <u>સામાન્ય સભાએ કરવાનાં કાર્યો:</u>

સામાન્ય સભા અન્ય કાર્યો ઉપરાંત નીચેની બાબતો હાથ ધરશે.

(૧) બોર્ડ તરફથી બેન્કનું ગત વર્ષનું સરવૈયું તથા તેની કામગીરીનો અહેવાલ મેળવવો તેમજ નફાની વહેંચણીને મંજુરી આપવી.

(૨) રજીસ્ટ્રાર અથવા તેમણે આ અર્થે નિયુક્ત કરેલ અન્ય કોઈ અધિકારી તરફથી આવેલ હિસાબ તપાસણી તેમજ નિરીક્ષણના અહેવાલો ઉપર વિચારણા કરવી.

(3) પેટા કાયદાના સુધારાની વિચારણા કરવી.

(૪) પેટા કાયદા નંબર-૧૪ હેઠળ કોઈપણ સભાસદને સભ્યપદેથી દૂર કરવાની વિચારણા કરવી.

(૫) કોઈપણ સભાસદ તરફથી આવેલ બોર્ડ વિરૂદ્ધની લેખિત ફરીયાદ અંગે વિચારણા કરવી. આવી ફરીયાદ પ્રથમ બોર્ડને થયેલી હોવી જરૂરી છે. સદરહુ ફરીયાદો બેન્કને સભાની નિયત તારીખ અગાઉ ત્રણ દિવસ પહેલા મળી જવી જોઈએ.

(૬) પછીના વરસ માટે ઓડીટરોની નિમણુંક કરવી તેમજ તેમનું મહેનતાણું ઠરાવવું.

(૭) (રદ થયેલ છે.)

(૮) સરકારે નિયુક્ત કરેલ વ્યક્તિ સિવાયના ડીરેક્ટરોને હોદ્દા ઉપરથી દૂર કરવા.

૯૦. સામાન્ય મંડળ રચવાની પાત્રતા ધરાવતા સભ્યોની સંખ્યાના ૧/૫ ભાગના અથવા ૫૦ (પચાસ) બેમાંથી જે સંખ્યા ઓછી હોય તે સામાન્ય સભા માટેની કાર્યસાધક સંખ્યા ગણાશે.

કાર્યસાધક સંખ્યાના અભાવેઃ

(૧) સામાન્ય સભા પાંચ દિવસ સુધી મુલત્વી રહેશે અને આવી મુલત્વી રહેલ સભા માટે પછી કાર્ય સાધક સંખ્યાની જરૂર રહેશે નહીં.

(૨) ખાસ સામાન્ય સભા બરખાસ્ત થશે.

૯૧. સામાન્ય મંડળની બેઠકોમાં ડીરેક્ટરોની બોર્ડના અધ્યક્ષ કે તેમની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ પ્રમુખસ્થાન સંભાળશે. બન્નેની ગેરહાજરીમાં હાજર રહેલ ડીરેક્ટરો તેમના પોતાનામાંથી કોઈ એકને પ્રમુખપદ માટે પસંદ કરશે. તમામ પ્રશ્નોનો નિકાલ હાજર રહેલ અને મતદાન કરતા સભ્યોની બહુમતિથી કરવામાં આવશે. બન્ને બાજુએ સરખા મત પડે તો બેઠકના પ્રમુખને નિર્ણાયક મત રહેશે. પેટા કાયદામાં સુધારા કરવા બાબતનો ઠરાવ હાજર રહેલ સભ્યોમાંથી ૨/૩ થી ઓછા નહીં તેટલી સંખ્યાના સભ્યોએ

૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

પસાર કરવાનો રહેશે. હાજર રહેલ સભ્યોના ૧/૧૦ ભાગથી ઓછા નહીં તેટલા સભ્યો કોઈ પ્રશ્ન પર મતદાનની માંગણી કરશે તો પ્રમુખે આવી માંગણી મંજુર રાખવી પડશે.

૯૨. <u>ભંડોળનો ઉપયોગ:</u>

<u>બેન્કના ભંડોળનો ઉપયોગ:</u>

બેન્કના ભંડોળનો ઉપયોગ મુખ્યત્વે સભાસદોને લોન આપવા માટે થશે. આમાં સૌરાષ્ટ્ર જમીન સુધારણા અધિનિયમ અન્વયે ભોગવટા હક્ક (ઓક્યુપન્સી રાઈટ) મેળવવા માગતા ગણોતીયાઓને તેમજ જુદા-જુદા ગણોત અને જમીન સુધારાને લગતા અધિનિયમો હેઠળના ગણોતીયાઓનો સમાવેશ થાય છે.

૯૩. <u>ધિરાણ માટે મર્યાદાઓ:</u>

(ક) કોઈપણ સહકારી મંડળી સામે બાકી નીકળતી લોનની કુલ રકમ કોઈપણ સંજોગોમાં નીચે દર્શાવેલ ત્રણ મર્યાદાઓ પૈકીની કોઈપણ મર્યાદાથી વધશે નહીં.

(૧) બેંકનું કાર્યવાહક મંડળ નકકી કરે તે અને

(૨) તેવી સહકારી મંડળી માટે તેનાં પેટા કાયદા મુજબ વખતોવખત નિયત થયેલ નાણાં કર લેવાની તેની શક્તિ અને

(૩) આવી સહકારી મંડળી પાસેથી જામીનગીરી તરીકે લીધેલી સ્થાવર મિલ્કત અને ઈતર અસ્ક્યામતો તથા ગીરવેલ મિલ્કતની અંદાજી કિંમતના ૮૦ ટકા સુધી

(ખ) વ્યક્તિગત સભાસદ પાસેથી લેણી લોનની કુલ રકમ કોઈપણ સંજોગોમાં નીચેનાથી વધવી જોઈએ નહીં.

(૧) તેવા દરેક સભાસદે ધારણ કરેલ શેરના ભરપાઈ થયેલી કિંમત કરતાં વીસ ગણી રકમ અને જમીનની મિલ્કત અને અસ્કયામતો જે બેન્કની લોન દ્વારા ઊભી કરવામાં આવે તેની અંદાજી કિંમતના ૮૦ ટકા સુધી અને મિલ્કત કે મિલ્કતોના પ્રકારને અનુરૂપ ગીરો ચાર્જ લીઅન હાઇપોથીકેશનથી સુરક્ષાયેલ.

પરંતુ બોર્ડે નિયત કરેલ યોજનાઓ અંગે ઉપર નં. ૧ માં નિર્દેશેલ શરતોમાં બોર્ડ છૂટછાટ આપી શકશે.

૯૪. રદ

૯૫. સભાસદ તરફથી જ્યારે ગીરોખત ઉપરાંત હાઈપોથીકેશન ડીડ, ચાર્જ, લીઅન, સીક્યોરીટી, ગેરંટી બોન્ડ વિગેરે પર સહી-સિક્કા કરી આપવામાં આવે ત્યારે

સહભાગીદારો સહિત મિલ્કતની અંદર હિત ધરાવનાર દરેક વ્યક્તિ પછી તે બેન્કની સભાસદ ન હોય તો પણ ગીરોખતમાં સહી સિક્કા કરી આપે તેવું બોર્ડ જણાવી શકશે.

૯૬. કોઈપણ કારણસર બેન્કને એમ લાગે કે તેની પાસેથી લીધેલી લોન વાસ્તે અસલ રજૂ કરેલી જામીનગીરી અપુરતી થઈ છે અથવા તેનો કસ ઘટતો ગયો તે (ડીટીનીઓરેશન) કે તેની કિંમત ઘટી ગયેલ છે કે તે અપૂરતી થવાની કે તેનો કસ ઘટી જવાની કે તેની કિંમત ઘટી જવાની શક્યતા છે, ત્યારે કરજ લેનાર વ્યક્તિગત સભ્યને લેખીત નોટીસ આપીને તે નોટીસમાં જણાવેલ મુદતની અંદર તેને સંતોષ થાય તેવી વધારાની જામીનગીરીની માંગણી કરવાની બેન્કને સત્તા રહેશે. લોન ધિરવા વખતે મૂળ શરતો ગમે તે પ્રકારની હોવા છતાં પણ ઉપર દર્શાવેલ લેખીત નોટીસ મુજબ અમલ ન થાય તો સંબંધકર્તા લોન તાબડતોબ વસૂલ લેવાનો બેન્કને હક્ક રહેશે. સભ્યપદેથી દૂર કરવામાં આવેલ અથવા તો બેન્કના સભ્ય તરીકે બીજી રીતે છૂટી થતી વ્યક્તિ પાસે બાકી નીકળતી બેન્કની કોઈપણ રકમ તુરત જ વસૂલાતને પાત્ર થશે અને આવી વસૂલાત માટે લોન મેળવતી વખતની કોઈ પણ મૂળ શરતનો કોઈપણ બાધ નડશે નહીં.

૯૭. બેન્કે આપેલી લોનથી છોડાવવાના એક કે વધુ ગીરો સિવાય (બેન્કના અગાઉના બોજા સિવાય) કોઈ પણ અગાઉના બોજા જેની ઉપર ન હોય તેવી સ્થાવર મિલ્કતો ઉપર ગીરો દસ્તાવેજથી ધિરાણ કરવા ઉપરાંત બોજા રહિત જંગમ મિલ્કતોના હાઈપોથીકેશન ડીડ, ચાર્જ, લીઅન સીક્યોરીટી, ગેરંટી બોન્ડ વિગેરેના કબ્જા સહિત કે રહિત કે તે વિના એક કે વધુ ગીરોથી તે ઉપર પ્રમાણેની જંગમ સિક્યોરીટી સામે વ્યક્તિગત સભાસદને અપાતા ધિરાણની દરેક લોન માટે તારણ મેળવવું પરંતુ સભાસદોને બોરીંગ રીગ્ઝ ખરીદવા જે લોન ધિરવામાં આવે તે લોન દ્વારા ખરીદવામાં આવેલ મિલ્કત પરના ચાર્જ, લીઅન કે હાઇપોથીકેશનથી તે સુરક્ષાયેલ રહેશે.

પરંતુ સૌરાષ્ટ્રના જમીન સંબંધી સુધારાના અધિનિયમની કલમ-૨૮ અન્વયે જે અરજદારોએ ભોગવટા હક્ક (ઓક્યુપન્સી રાઈટ) મેળવવા માટે લોનની માંગણી કરી હશે તે અરજદારોને જે જમીન અંગે તેઓને ભોગવટા હક્ક મેળવવાના હોય કે જમીનો તેમના પોતાના કબજામાં હોય તે જમીન કે જમીનોના ગીરો સામે બેન્ક લોન આપી શકશે.

૪૮૯
આશ્રમરોડ
અમદાવાદ

પરંતુ વળી જમીન સુધારણાના હેતુ માટે લેન્ડ ઈમ્પ્રુવમેન્ટ સ્કીમ એક્ટ નીચે થયેલ સુધારણાની લોન માટે સદરહુ ધારા નીચેનો ચાર્જ કે તેનું એસાઈનમેન્ટ તારણ તરીકે સ્વીકારી શકાશે.

૯૮. સાધારણ રીતે ૨૦ વરસથી વિશેષ મુદત માટે બેન્ક લોન ધીરશે નહીં.

૯૯. (ક) <u>લોન ઉપર વ્યાજનો દર:</u>

લોન ઉપર લેવાના વ્યાજના દર બોર્ડ વખતોવખત નક્કી કરશે. બેન્કમાં લેણાં રહેતાં દેવાની ચડત રકમો પર ઠરાવેલ વ્યાજના દર કરતાં વિશેષ વ્યાજનો ઊંચો દર બોર્ડ વખતોવખત નક્કી કરશે. તેમજ હપ્તાની ચૂકવણી માટે ઠરાવેલી તારીખે કોઈ હપ્તા કે તેના કોઇ ભાગની ચુકવણી કરવામાં કસૂર થયેથી દરેક કેસમાં બાકી નીકળતી લોન સંપૂર્ણત: કે અંશત: પાછી માંગી લેવાની બેન્કને સત્તા રહેશે.

૯૯. (ખ) ધિરવામાં આવેલ લોનનો ઉપયોગ જે હેતુ માટે તે ધિરવામાં આવેલ હોય તે હેતુ સિવાય બીજા હેતુ માટે કરવામાં આવશે તો જે મુદત માટે તે ધિરવામાં આવી તે પુરી થાય તેની રાહ જોયા સિવાય પણ વ્યાજ સહીત બાકી નીકળતી આવી લોન કે તેનો અમુક ભાગ પાછો માંગી લેવાનો બેન્કને હક્ક રહેશે.

આવા કિસ્સામાં સદરહુ લોન ખાતું જે મુદત માટે લોન આપવામાં આવી હોય તે મુદતને લક્ષમાં લીધા સિવાય તાત્કાલીક બંધ કરવામાં આવશે અને ખાતું બંધ થયાની તારીખથી રકમ વસૂલ આવ્યાની તારીખ સુધી લોન જે ધિરાયેલ હશે તે દર ઉપરાંત વાર્ષિક ત્રણ ટકા લેખે વિશેષ વ્યાજ કરજ લેનાર પાસેથી વસૂલ લેવામાં આવશે.

૧૦૦. <u>લોન ભરપાઈ કરવા અંગે :</u>

ધિરાયેલ લોન અંગે લેણાં મુદલની એક સરખી રકમો આવી ચૂકવણી પૂર્વે બાકી નીકળતી લોન પર આવી કોઈ ચૂકવણીની તારીખ સુધી લેણાં થતાં વ્યાજ સહીત ચૂકવણાથી કે સરખા હપ્તાઓની ચૂકવણીની પદ્ધતિથી બેન્કે આપેલી લોન પરત ભરપાઈ થઈ શકશે.

૧૦૧. <u>લોનના હપ્તાઓની વસૂલાત ક્યારે મોકુફ રાખી શકાય :</u>

૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

આપત્તિના સમયે લોનના હપ્તાની વસુલાત કાર્યવાહક મંડળ મોકુફ રાખી શકશે. લોનના કોઈપણ હપ્તાની વસુલાત મોકુફ રાખવામાં આવે તો ત્યાર પછીના બધા હપ્તા તે હપ્તા જેટલી મુદત માટે મોકુફ રાખવામાં આવેલ હોય તેટલી મુદત માટે મોકુફ રાખી શકાશે. પરંતુ કુદરતી આફત જેવી કે દુષ્કાળ, પુર, જીવાતનો ઉપદ્રવ વિગેરે કોઈ કારણસર પાક નિષ્ફળ જાય તેવા કિસ્સામાં કાર્યવાહક મંડળ હપ્તાની વસુલાતની મોકુફી અંગેનું ધોરણ નક્કી કરશે અથવા નિયમો ઘડી શકશે. પરંતુ તેમ છતાં લોન પરત ભરપાયા કરવાની મુદત લંબાવવા અથવા બાકી લ્હેણું પરત ભરપાયા કરવાની મુદત નવેસરથી નક્કી કરવા રાહત આપવા કે ખાતાના હિસાબોની તડજોડ કરવા વ્યક્તિગત કિસ્સામાં વિચારણા કરવા અને તે માટેનાં લેખિત કારણોની નોંધ કરીને બોર્ડ યોગ્ય લાગે તે બોલીઓ અને શરતો પ્રમાણે નિર્ણય લેવાનો કાર્યવાહક મંડળને અધિકાર રહેશે.

૧૦૨. લ્હેણા પેટે કોઈ સભાસદ કોઈપણ રકમ ભરે ત્યારે તે રકમોનો નીચેના ક્રમે વિનિયોગ કરવામાં આવશે.

૧. પ્રથમ સભાસદ પાસેથી વસુલ લેવાની નોટીસ ફી, દંડ, રજીસ્ટર ટપાલ વગેરેના ખર્ચ પેટે.

૨. બીજું વ્યાજ પેટે અને

૩. મુદલ પેટે

૧૦૩. જેની પાસે નાણાં લેણાં હોય તેવા સભાસદ ચુકવણીની નિયત તારીખ પૂર્વે કોઈ રકમ અગાઉથી ભરશે તો તે રકમ અગાઉથી આવેલ વસુલાતના ખાતે જમા લેવામાં આવશે.

૧૦૪. પેટા કાયદા ૯૨ થી ૧૦૨માં ગમે તે મજકુર હોય તે છતાં પણ મુખ્યત્વે કરીને જમીન સુધારણાની કોઈપણ યોજના હાથ ધરવાના હેતુસર મંડળીઓને લોન ધિરવાની સત્તા બોર્ડને રહેશે. આવી લોનનું ધિરાણ રજીસ્ટ્રારની પૂર્વ મંજૂરીથી અને આ બાબતમાં બોર્ડે ઘડેલા વિનિયમો અનુસાર કરવાનું રહેશે.

૧૦૪. (ક) (૧) નાણાં કરજે લેતો કોઈ સભ્ય લોનની મુદ્દલ રકમ અથવા તો ઉપરનું વ્યાજ અથવા મુદલ અને વ્યાજ બને તે લેણાં થતાં હોય તે તારીખે ભરપાઈ કરવામાં નિષ્ફળ જશે તો આવી ચડત રકમની વસુલાત માટે બોર્ડ અથવા તો તે નક્કી કરે તેવા બેન્કના અન્ય અધિકારી

અધિનિયમની કલમ-૧૩૯ મુજબ પ્રમાણપત્ર માટેની અરજી રજીસ્ટ્રારને કરી શકશે.

(૨) ઉપર જણાવેલ પ્રમાણપત્રમાં દર્શાવેલ ચડત રકમ અધિનિયમની કલમ ૧૩૯ અન્વયે જમીન મહેસુલની વસુલાત માટેના તે વખતે અમલમાં હોય તેવા કાયદા હેઠળ વસુલાતને પાત્ર થશે.

૧૦૫. આવકની એકંદર રકમમાંથી ડીબેન્ચરો તથા અન્ય ઉધાર લીધેલ રકમો ઉપરનું ચુકવાયેલ તથા ચુકવવાનું થતું વ્યાજ વ્યવસ્થા ખર્ચ પેટે ચુકવેલ અને ચુકવવા જોગ થતી બધી રકમો તથા અન્ય બધી રકમો જે નિયમો અન્વયે તૈયાર કરવાના વર્ષના નફા તોટાના હિસાબમાં ઉધારવા જોગ હોય તે તમામ રકમ બાદ કર્યા પછી બાકી રહેતી રકમ સાફી નફો ગણાશે. બેન્કના સાફી નફાની વ્યવસ્થા નીચે પ્રમાણે કરવામાં આવશે.

(૧) જપ્ત કરવામાં આવેલ શેર, દંડ અને દાખલ ફીની વસુલ થયેલ તમામ રકમ પુરેપુરી અનામત ફંડ ખાતે જમા લેવામાં આવશે.

(૨) બાકી વધતી રકમમાંથી ઓછામાં ઓછી ૨૫ ટકા રકમ અનામત ફંડ ખાતે અને ૧૫ ટકા સુધીની રકમ બેડ ડેબ્ટ રીઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે.

(૩) ત્યારબાદ બાકી રહેતી રકમમાંથી સભાસદોને ભરપાઈ થયેલ શેરમુડીના તેઓએ ધારણ કરેલ તથા વર્ષ દરમ્યાન જેટલી મુદત સુધી ઉપરોક્ત ભરપાઈ થયેલ શેરમુડી ધારણ કરી હોય તે મુદતના પ્રમાણમાં સહકારી કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહક મંડળ નક્કી કરે તે દરે વાર્ષિક ડીવીડન્ડ આપી શકાશે.

(૪) શેષ રહેતી કોઈ રકમ નીચે જણાવેલ પૈકી કોઈપણ એક અથવા સઘળા હેતુ માટે ફાળવી શકાશે.

(ક) ડીવીડન્ડ સમીકરણ ફંડ (ડીવીડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ)

(ખ) સામાન્ય હિત ફંડ (કોમન ગુડ ફંડ)

(ગ) પ્રચાર ફંડ

(ઘ) મકાન ફંડ

(ચ) જામીનગીરી ઘસારા ફંડ

(છ) કર્મચારીઓને બોનસ

(જ) ન પાકે તેવા લેણાં માટેનું અનામત ફંડ (બેડ ડેબ્ટ રીઝર્વ ફંડ)

૪૮૯ આશ્રમરોડ અમદાવાદ

(ઝ) કર્મચારીઓનું લાભાર્થ ફંડ

(ટ) કર્મચારીઓ માટે ભવિષ્યનિધિ (પ્રોવિડન્ટ ફંડ)

(ઠ) રોકાણોની થતી વધઘટ માટેનું ફંડ (ઇન્વેસ્ટમેન્ટ ફ્લક્ચ્યુએશન ફંડ)

(ડ) કર્મચારીઓ માટેનું ગ્રેજયુટી ફંડ અને

(ઢ) બોર્ડ ભલામણ કરે તેવા બીજા કોઇ ફંડ

(ણ) શિક્ષણ ફંડ

૧૦૬. કોઈપણ ડીવીડન્ડ ઉપર બેન્ક વ્યાજ ચુકવશે નહીં. ડીવીડન્ડની રકમની ચુકવણી બેન્ક નીચેની પદ્ધતિએ કરશે.

(૧) પ્રથમ સભાસદના લોન ખાતામાં રકમ જમા કરીને

(2) જે કિસ્સામાં સભાસદનું લોન ખાતુ પૂરેપૂરું ભરપાઈ થઈ ગયેલ હોય તેવા કિસ્સામાં ડીવીડન્ડની રકમની ચુકવણી જો પોસ્ટલ ખર્ચ બાદ જતાં બાકી રહેતી ડીવીડન્ડની રકમ ઓછામાં એક રૂપિયો હશે તો તે સભાસદના ખર્ચે કરવામાં આવશે.

(3) જો ડીવીડન્ડની રકમ એક રૂપિયા કરતાં ઓછી હશે તો બેન્ક સભાસદોને આ રકમ બેન્કની સંબંધક શાખા દ્વારા મેળવી લેવા જાણ કરશે.

પરંતુ વિશેષમાં સભાસદ આવી ડીવીડન્ડની રકમ મેળવી લેવા નિષ્ફળ જાય અને મનીઓર્ડરથી મોકલાયેલ ડીવીડન્ડના કિસ્સામાં જો તે કોઈ કારણસર પોસ્ટલ સત્તાવાળાઓ દ્વારા ચુકવણું થયા સિવાય પરત મળે તેમજ તેવી રકમ માટે સભાસદો કે મૃત્યુ પામેલ સભાસદોની બાબતમાં તેના વારસદારો દ્વારા ત્રણ વર્ષની અંદર માગણી રજુ ન થાય તો બેન્ક આવી ડીવીડન્ડની રકમ અનામત ફંડ ખાતે લઈ જશે.

<u>અનામત ફંડ</u>

૧૦૭. <u>અનામત ફંડ (રીઝર્વ ફંડ)ની વ્યવસ્થા:</u>

(૧) અનામત ફંડ પુરેપુરુ બેન્કની માલીકીનું રહેશે અને તેનો ઉપયોગ અણધારી ખોટને પહોંચી વળવા માટે કરવાનો રહેશે. સહકારી મંડળીઓના રજીસ્ટ્રારની રજાથી બોર્ડ નક્કી કરે તેવા પ્રમાણમાં તેને સરકારી અથવા ટ્રસ્ટી

૪૮૯
આશ્રમરોડ
અમદાવાદ

જામીનગીરીઓમાં અથવા રાષ્ટ્રીયકૃત બેન્કો અથવા સહકારી બેન્કોની બાંધી મુદતની થાપણોમાં અથવા બેન્કના ધંધામાં રોકી શકશે.

(૨) બેંકને સંકેલી લેવામાં આવે ત્યારે અનામત ફંડનો ઉપયોગ નીચે પ્રમાણે કરવાનો રહેશે.

(૧) બેન્કના સભાસદોની જવાબદારીઓનો પુરેપુરો અમલ કર્યા પછી પણ બેન્કની જે જવાબદાઓ અદા કરવાની બાકી રહે તેની ચુકવણી માટે.

(૨) ખરેખર ભરપાઈ થયેલ શેર મુડીની પરત ચુકવણી માટે

(૩) બેન્કને સંકેલી લેવાના હુકમ બહાર પાડ્યા અગાઉ જે કાંઈ મુદત માટે ઉપરોક્ત ભરપાઈ થયેલ તેવી શેર મુડી ઉપર ડીવીડન્ડ ચુકવાયેલ ન હોય તે મુદત માટે વાર્ષિક ૬-૧/૪ ટકાથી વિશેષ નહીં તેવા દરે ડીવીડન્ડ ચુકવવા માટે,

(૪) ખંડ-(૨)માં દર્શાવેલ ચુકવણી કર્યા બાદ અનામત ફંડનો જે ભાગ બાકી રહે તેનો રજીસ્ટ્રારની મંજુરીથી અને તેઓએ મંજુર કરેલ નીચે મુજબના કોઈપણ અથવા તમામ હેતુઓ માટે ઉપયોગ કરી શકાશે.

(ક) સમાન ઉદેશવાળી કોઈપણ નવી સહકારી બેન્કમાં રોકાણ.

(ખ) જાહેર ઉપયોગિતાના ઉદેશો અર્થે.

૧૦૮. <u>સુધારા : પેટા કાયદામાં સુધારા કરવા બાબત:</u>

નિયમોને આધિન રહીને પેટા કાયદામાં સુધારા થઈ શકશે પરંતુ કોઈ પણ સુધારો રજુ કરતા પહેલા રજીસ્ટ્રારને તેમજ સામાન્ય સભાના સભાસદોને (પ્રતિનિધિઓને) સામાન્ય સભાની તારીખ અગાઉ ઓછામાં ઓછા ૧૫ દિવસની સુધારાને લગતી નોટીસ આપવી જરૂરી રહેશે. અધિનિયમની કલમ-૧૩ અન્વયે નોંધાયા બાદ જ દરેક સુધારો અમલી બનશે.

૧૦૯. <u>સરવૈયું :</u>

નિયમો અનુસાર જે વર્ષ માટે હિસાબ તૈયાર કરવાનાં હોય તે વર્ષ પુરું થવાની તારીખથી ઉચિત સમયની અંદર ગત વર્ષ દરમ્યાન બેન્કના કામકાજના આવક અને જાવક અસ્ક્યામતો અને જવાબદારીઓ તેમજ નફા-તોટા દર્શાવતાં વિવરણ પત્રકો તેમજ રજીસ્ટ્રારે આ અંગે વખતોવખત નિયત કરેલ અન્ય વિવરણ પત્રકો તથા નિયત

પત્રકો બોર્ડ તૈયાર કરશે અને આવા દરેક વિવરણપત્રક અને નિયત પત્રકની એક એક નકલ રજીસ્ટ્રારને મોકલશે.

૧૧૦. <u>પરચુરણ:</u>

દરેક સભાસદને આ પેટા કાયદાની નકલ આ અંગે કોઈ ફી ઠરાવવામાં આવી હોય તો તે લઇને આપવામાં આવશે.